Chapter-9

# પ્રકરણ - ૯

## આજની પારસી રંગભૂમિ

# પ્ર ક ર ણ - ૯

## આજની પારસી રંગભૂમિ

પારસી રંગભૂમિના સમગ્ર ઇતિહાસમાં આપણે જોઇશું તો ઇ.સ.૧૮૫૩ થી ઇ.સ.૧૯૭૫ સુધીના સવાસો વર્ષની તવારિખમાં તે સતત પરિવર્તનશીલ અને વિકાસોન્મુખ બની રહી છે. આ વિકાસ પ્રક્રિયામા પારસી નાટયકારો તેમજ કલાકારોની સભાન પ્રયોગશીલતા કાર્ય કરતી રહી. શ્રી અદી મર્ઝબાનના રંગભૂમિ પરના પ્રવેશ સાથે નાટય લેખનથી માંડી નાટકની ભજવણી સુધી આમુલ પરિવર્તન આવ્યું. આ ઉપરાંત એકાંકીના સર્જન પરત્વે નાટયકારો કેળવલ નાટયસૂઝ પણ નોંધપાત્ર બની રહે છે. વિવિધ નાટયસ્પર્ધાઓ નિમિત્તે આ પ્રવૃત્તિને વેગ મળ્યો તે ઘટના પણ પ્રેરણાદાયક બની રહી. આમ એકાંકી અને એકાંકીકારો, ઉત્તરોત્તર સંખ્યા અને સફળતાની દૃષ્ટિએ પ્રગતિશીલ થયેલ દેખાય છે. આ ઉપરાંત એકાંકીનો નાટયપ્રકાર ગુલફામ અને બાલીવાલા પણ ખેડયો હતો.

### એ કાં કી

ગુજરાતી રંગભૂમિના ઇતિહાસમાં એકાંકીનો ઇતિહાસ પણ તપાસવા જેવો છે. શ્રી જશવંત શેખડીવાળા 'જ્ઞાન ગંગોત્રી ગ્રંથ શ્રેણી-૧૦'મા તેમના એકાંકી પરના લેખમાં જણાવતાં લખે છે 'ગુજરાતી રંગભૂમિના આરંભકાળથી (ઇ.સ.૧૮૫૨-૫૩ થી) આવાં, પાશ્ચાત્ય એકાંકીકલાને ઓછેવત્તે અંશે અનુસરતાં, એકાંકી નાટકો મળતા રહયાં છે... પાશ્ચાત્ય એકાંકીના સ્વરુપને સિધ્ધ કરી શકતાં કેટલાક પારસી-એકાંકીઓની અને તેમના લેખકોની-ખુરશેદજી બાલીવાલા (ઇ.સ. ૧૮૫૩-૧૯૧૩), જહાંગીર પટેલ 'ગુલફામ'(ઇ.સ.૧૮૬૧-૧૯૩૬) વગેરેની નોંધ લેવીજ જોઇએ. બાલીવાલા અને 'ગુલફામ'ના એકાંકી બટુભાઇ ઉમરવાડિયા અને યશવંત પંડયા જેવા ગુજરાતીના આદ્ય એકાંકીકાર ગણાતા લેખકોના એકાંકીઓની બે-ત્રણ દાયકા પૂર્વે પ્રકાશિત થયાં છે. એટલુંજ નહી રચનાકળામાં પણ આ પારસી લેખકોના એકાંકી ઉમરવાડિયા તેમજ પંડયાના એકાંકી કરતાં કયાંય ચડિયાતા છે.[૧]

ઉપર્યુકત કથનથી એ સ્પષ્ટ બની રહે છે કે એકાંકીની શરુઆત અને આદ્ય એકાંકીકાર તરીકેની જે માન્યતા આજ સુધી મળતી રહી છે તે ઉચિત નથી. શ્રી ચંદ્રવદન મહેતા 'ઘસેલો ઠોખરો'નામના એકાંકીનો ઉલ્લેખ કરી તેની સાલ ઇ.સ.૧૮૫૫ માં જણાવે છે.[૨] શ્રી જશવંત શેખડીવાળાના એકાંકી પરત્વેની ચર્ચા પછી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જો 'ગુલફામ' અને બાલીવાલાના એકાંકી બટુભાઇ ઉમરવાડિયા અને યશવંત પંડયાના એકાંકી

કરતાં ચડિયાતા હોય તો તે સ્વીકૃત કેમ ન થયા ? આ પ્રશ્નના જવાબમાં આપણે માત્ર એકજ ઉત્તર આપી શકીએ કે પારસી નાટયકારોની થયેલી ઉપેક્ષા. ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં જો પારસી સાહિત્યકારોની ઉપેક્ષા ના થઇ હોય તો આજે તેની તાસીર કંઇક જુદીજ હોત. બાલીવાલા અને ગુલફામ બન્ને નાટયકાર હોવા ઉપરાંત તખ્તાથી ઘણાં નિકટ હોવાને કારણે તેમના એકાંકી સફળ એકાંકીનું સ્વરુપ ધરાવતાં એકાંકી છે જેમાં વાચિક અને આંગિક અભિનય ઉભયને યોગ્ય ન્યાય મળેલ છે.*

બાલીવાલા અને ગુલફામ વિશે લખતાં શ્રી જશવંત શેખડીવાળા નોંધે છે કે 'બાલીવાલા કૃત 'કાવલાની કચુંબર', 'ગુસ્તાદ ઘામટ', 'મતલબબહેરો' (બધાં સન ૧૯૦૦ આસપાસ પ્રકાશિત) વગેરે તેમજ 'ગુલફામ'કૃત 'મધરાતનો પરોણો', (પ્રા.આ.૧૯૧૩, આસપાસ) 'ટોપ્સીટર્વી' (પ્રં.આ.૧૯૧૫) 'ઘેરનો થવડર' (પ્રં.આ.૧૯૧૮) આદિ એકાંકી જોતાં આ વસ્તુ સ્પષ્ટ સમજાય તેમ છે.'[3] પારસી રંગભૂમિ પર ઉપર્યુકત એકાંકીકારો સિવાય અન્ય એકાંકીકારો પણ હતાં જેમણે પારસી સંસાર અનેક પ્રશ્નો અને સમસ્યાઓને પોતાના એકાંકીનો વિષય બનાવી તત્કાલીન રંગભૂમિના વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો. આ અન્ય એકાંકીકારોમાં બમનજી કાબરાજી, નાનાભાઇ રુસ્તમજી રાણીના, જહાંગીર ખંભાતા, ધનજીભાઇ અંજીરે બાગને ગણાવી શકાય. પ્રેક્ષકોને ધ્યાનમાં રાખીને આ એકાંકીકારોએ પોતાની કલા અજમાવી જેમાં બહુધા હાસ્યપ્રધાન એકાંકીઓ વિશેષ જોવા મળે છે. આજની પારસી રંગભૂમિના મહત્વપૂર્ણ એકાંકીકારોમાં શ્રી અદી મર્ઝબાન, શ્રી હોમી તવડિયા, સ્વ.ફિરોઝ આંટિયા, ડો.રતન રુસ્તમ માર્શલ, શ્રી મીનુ નરીમાન, શ્રી દોરાબ મહેતા, શ્રી દારા હકીમ આદિને ગણાવી શકાય.

## શ્રી અદી મર્ઝબાન - ૧૯૧૪

આજની પારસી રંગભૂમિ પર અવાચીનતમ પ્રયોગોની શરુઆત કરી તેને પરંપરાથી મુકત કરી તેનું નવીન રુપ પ્રકટાવવાનો યશ શ્રી અદી મર્ઝબાનને ફાળે જાય છે. તેઓ આજની પારસી રંગભૂમિના સૃષ્ટા છે. તેમણે કૉલેજ કાળથી અદ્યાપિ-પર્યંત નાટકો લખી-ભજવી તેમાં અનેક સમયવર્તી પરિવર્તન કરી રંગભૂમિનું વિશિષ્ટ સ્વરુપ વિકસાવ્યું છે. ઇ.સ.૧૯૧૪ ની ૧૭મી એપ્રિલના રોજ અદી મર્ઝબાનનો જન્મ વિખ્યાત નાટયકાર પીરોજશાહ મર્ઝબાન 'પીજામ'ના ઘેર થયો. પિતાના નાટયસંસ્કાર અદીને જન્મદત્ત મળ્યા હશે તેવું કહીએ તો તે અનુચિત નહી ગણાય. એલફિન્સ્ટન કોલેજના તેમના અભ્યાસક્રમ દરમ્યાન તેમણે નાટય પ્રવૃત્તિ આદરી જે પાછળથી ઉત્તરોત્તર વિકાસ પામતી ગઇ. 'બુઢ્ઢી પારસણ'ના વેશમાં ખ્યાતિ પામનાર અદી પર શરુઆતમાં જુની રંગભૂમિના

* શ્રી ધનજીભાઈ 'પારસી નાટક તખ્તાની તવારિખ'માં ૨૫મી ફેબ્રુઆરીની જાહેરાત નોંધતા જણાવે છે કે 'પારસી નાટક મંડળીએ ગ્રાંટરોડની નાટકશાળામાં 'ઉઠાઉગીર સુરતી' નામનું ફારસ ૧૨મી વાર ભજવ્યું હતું. જો આ તારીખે ૧૨મી વાર ભજવાયું હોય તો તેની ભજવણી પહેલાં પણ થઈ હોવાને કારણે તે પહેલું અભિનીત ફારસ હોવાની શકયતા પૂરી છે.

સંસ્કારો જોવા મળે છે. જેમાંથી ઉત્તરોત્તર તેઓ મુક્ત થઇ નવી ગુજરાતી રંગભૂમિના વિકાસ માટે પ્રયત્નશીલ બની રહે છે. તેમના અવિરત પ્રયત્નોએ પારસી રંગભૂમિ અને નાટયની ભજવણીમાં વિસ્મયજનક પરિણામો સાબિત કર્યાં. શરુઆતમાં અંગ્રેજી નાટકો ભજવ્યાં જેની સફળતા એ તેમને ઉચ્ચ કોટિના નટ-નાટયકાર-દિગ્દર્શક સાબિત કરી આપ્યા. અંગ્રેજી નાટય પછી તેમણે ગુજરાતી નાટકોની ભજવણી શરુ કરી. પાશ્ચાત્ય નાટય સાહિત્યના ઊંડા અભ્યાસી હોવાને કારણે તેમણે જૂની પારસી રંગભૂમિના પાંચથી છ કલાક ચાલતાં નાટકોની પરંપરા તોડી નાખી અઢી-ત્રણ કલાક ચાલે તેવી નાટયકૃતિઓ પ્રદાન કરી. આ પ્રકારના અનેક નાટકો લખી ભજવી અદી મર્ઝબાને અઢી-ત્રણ કલાકના નાટકો ભજવવાની શકયતાઓ તાગી બતાવી. આ ઉપરાંત તેમનું બીજું પ્રદાન તે ગીત-વિનાના નાટકની ભજવણી. નાટકમાં આવતાં ગીતોને કારણે તેની ગતિમાં અવરોધ વર્તાતા તેનું મૂલ્ય ન જણાયું. નાટક અને રંગભૂમિની બદલાતી જતી છબી જોતાં ગીતો રાખવાનો આગ્રહ તેમને અનુચિત જણાયો. જયારે રંગભૂમિ પર નાટકમાં ગીતોની ભરમાર ખૂબજ મહત્વની ગણાતી. જેના પર નાટકનો આધાર રહેતો, હાઉસ ફુલ મળતું તેવાજ સમયે અદીએ આ નૂતન પ્રયોગ સફળતાપૂર્વક કર્યો જેના કારણે તેઓનું સ્થાન પ્રથમ વર્ગના ક્રાંતિકારીની હરોળમાં સાબિત થઇ ગયું.

નાટકની ભજવણીમાં કૃત્રિમ ભાષાને બદલે રોજની ઘરગથ્થુ ભાષા પ્રયોજવાનો તેમનો આગ્રહ નોંધપાત્ર બની રહે છે. અલબત્ત તેમની પૂર્વે પીજામ તેમની ગુલફામે આ પ્રકારનો આગ્રહ સેવ્યો હતો પણ અદીએ આ દિશામાં અનેક પ્રયોગ કરી તે દ્વારા રંગમંચ પર વાસ્તવિકતાની માત્રા વધારી દિધી. તેમણે મારી (લેખકની) મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું: What ever you do Show It must be real.

પહેલાં રંગભૂમિ દ્વારા ભજવાતા નાટકોમાં આઠ-દસ દૃશ્યો અને કવરસીનનું આયોજન જોવા મળતું. જયારે અદીએ એકજ સેટનો આશ્રય લઇ તે દૂર કરી નાંખી નૂતન પ્રયોગ દ્વારા નાટકની સફળ ભજવણી સિધ્ધ કરી. આ ઉપરાંત અંગ્રેજીમાં જેને ઓપ્રેટા કહે છે તેની રજૂઆત અદી મર્ઝબાને ગુજરાતી રંગમંચ પર કરી. આ 'ઓપ્રેટા'માં સંગીત પ્રધાન હોય છે જયારે ગધાત્મક સંવાદ ગૌણ હોય છે. આ દિશામાં તેમના 'અદેખો', 'રોમીયો-જુલિયેટ'નોંધ પાત્ર ગણી શકાય. પહેલાં રંગભૂમિ પર જે રીતે 'કર્ટન રેઇઝર' ભજવાતા હતાં તેવા પ્રકારની નાની નાટિકાઓ-સ્કેચીસની ભજવણી તેમણે 'હસતાં ઘર વસતાં'માં રંગભૂમિ પર રજૂ કરી. આ પ્રકારના સ્કેચીસની ભજવણીની પરંપરા પાછળથી સ્વ. ફિરોઝ આંટિયા, હોમી તવડિયા, પ્રબોધ જોષી, જયન્તિ પટેલ આદિએ ટકાવી રાખી છે.

ખાસ કરીને પિજામની જેમ હાસ્યપ્રધાન નાટકો લખી તેને ભજવી પારસી સંસારની અનેક સમસ્યાઓ સમાજ સમક્ષ રજુ કરવાનો યત્ન અદીએ કર્યો છે. આ નાટકોમાં વેધક અને તીવ્ર કટાક્ષ દ્વારા સામાજિક દૂષણો સ્પષ્ટ રીતે તેમણે રજૂ કર્યાં.

## STAGE EXPERIENCE

A most extensive stage experience, covering all aspects of Production, Direction, Lighting, Decor, and Make-up.

Produced and directed the following full length 3 Act Plays in English.

| | |
|---|---|
| TILLY OF BLOOMSBURY (Ian Hay) | For AMATEUR DRAMATIC CIRCLE |
| NOTHING BUT THE TRUTH (James Montgemery) | For AMATEUR DRAMATIC CIRCLE |
| BATS IN THE BELFRY (Diana Morgan and Robert MacDermot) | For AMATEUR DRAMATIC CIRCLE |
| TIME AND THE CONWAYS (J. B. Priestly) | For AMATEUR DRAMATIC CIRCLE |
| A BILL OF DIVORCEMENT (Clemence Dane) | For AMATEUR DRAMATIC CIRCLE |
| THE DONOVAN AFFAIR (Owen Davis) | For AMATEUR DRAMATIC CIRCLE |
| SCHOOL FOR HUSBANDS (Frederick Jackson) | ADI MARZBAN PRODUCTIONS |
| MUSIC AT NIGHT (J. B. Priestly) | Under joint auspices of the INDIAN PEOPLE'S THEATRE ASSOCIATION, THE AMATEUR DRAMATIC CIRCLE AND THE THEATRE GROUP. |
| AN INSPECTOR CALLS (J. B. Priestly) | For the THEATRE GROUP. |
| YOU CAN'T TAKE IT WITH YOU (Kaufmann and Hart) | For the INDIAN PEOPLE'S THEATRE ASSOCIATION |
| THE RINGMASTER (Keith Winter) | ADI MARZBAN PRODUCTION |

| | |
|---|---|
| BLITHE SPIRIT (Noel Coward) | For AMATEUR DRAMATIC CIRCLE |
| FRESH FIELDS (Ivor Novello) | The Bombay PLAYERS |
| CHARLEY'S AUNT (Brandon Thomas) | THEATRE GROUP |
| GEORGE AND MARGARET (Gerald Savory) | For INDEPENDENT PLAYERS |
| THE WHOLE TOWN'S TALKING (Anita Loos and John Emerson) | For INDEPENDENT PLAYERS |
| THE SACRED FLAME (Somerset Maugham) | For INDEPENDENT PLAYERS |
| THE DOUGHGIRLS (Joseph Fields) | For INDEPENDENT PLAYERS |
| THE HAWB ISLAND (Howard Irving Young) | For INDEPENDENT PLAYERS |
| KISS AND TELL (HUGH Herbert) | For INDIAN NATIONAL THEATRE |
| THE LITTLE HUT (Roussin) | For THEATRE GROUP. |
| THE MAN WHO CAME TO DINNER (Kaufmann & Hart) | For THEATRE GROUP. |
| BAREFOOT IN THE PARK (NEil Simon) | For COOPERATIVE PLAYERS |
| PRIVATE LIVES (Noel Coward) | For COOPERATIVE PLAYERS |

PRODUCED WRITTEN AND DIRECTED PLAYS FOR:-

The Amateur Dramatic Circle.

The Indian People's Theatre Association.

The Theatre Group.

The Parsee Amateur Dramatic Society.

The Parsee Arts Circle.

The New Amateur Dramatic Society.

The St. Zavier's College Dramatic Club.

The Elphinstone College Dramatic Society.

The Lovji Cama Dramatic Competition.

The Indian Dramatic Competition.

The Bombay Players.

The Player's Guild.

The Indian National Theatre.

The Independent Players.

The Co-operative Players.

The Kala- Kendra (Bharatiya Vidya Bhavan)

ઉપરોક્ત ત્રિઅંકી નાટકો ઉપરાંત તેમણે સો ઉપરાંત એકાંકી નાટકો શાળા, મહાશાળા અને અન્ય નાટ્ય-સંસ્થાઓ માટે લખ્યા-ભજવ્યાં. વળી પચાસ ઉપરાંત Not-Stop Variety Reviews ગુજરાતીમાં લખ્યાં અને સફળતાપૂર્વક રજૂ કર્યાં. તેમના મહત્વના ત્રિઅંકી પારસી ગુજરાતી નાટકો નીચે પ્રમાણે ગણાવી શકાય.

૧. છૈયા હમે જરથોસ્થી
૨. તોફાની ટોલકી
૩. ફસેલા ફિરોઝશાહ
૪. શિરીનબાઇનું શાંતિનિકેતન
૫. મોટા દિલના મોટા બાવા
૬. ફીરોજા ભવન
૭. કાવસજી કાસાનોવા
૮. કાતરીયું ગેપ
૯. છુપ્રો રુસ્તમ
૧૦. ધસ્યો ફસ્યો ખસ્યો
૧૧. મારી પછી કોણ ?
૧૨. ગુસ્તાદજી ઘોરે ચરીયા
૧૩. અકલમંદ બેવકુફ
૧૪. સત્યવાદી શ્યાવક્ષા
૧૫. માથે પડેલા મફતલાલ
૧૬. અડધી રાતે આફત
૧૭. સાચાબોલો જૂઠાલાલ
૧૮. બલવંતની બેબી
૧૯. સૂકાઇ ગયેલા સુન્દરલાલ
૨૦. હોરમસજીનુ હનીમૂન
૨૧. વાંકી પૂંછરીના વિકાજી
૨૨. આરી બેઠેલા એરચશાહ
૨૩. તાજ વગરના તહેમૂલજી
૨૪. શાહપુરજીના તપેલા સાફ
૨૫. સાંભળો મારી વાત

૨૭. મારો નહેમૂલ એવું કરેજ નહીં
૨૭. અદીની માસીનો માકો
૨૮. પૈંધમ્શ્રી પેસ્તનજી
૨૯. દિનશાહજીના ડબ્બા ગુલ
૩૦. મનચેરજી કોણ ?
૩૧. મૂઆ લુચ્ચાઓ
૩૨. ગસાઇ ગઇ મારી ટાલકી
૩૩. પકર મારું પુછરું
૩૪. સગન કે વગન
૩૫. જે તારું તે મારું
૩૬. આશા-નિરાશા
૩૭. મારુ બધું બચુબાઇને
૩૮. પાણીમાં પડેલા પરવેઝજી
૩૯. બૈરી કે બલા (તારી બૈરી મને આપ)
૪૦. કાકા થયા વાંકા
૪૧. બંધ પડેલા જમનજી
૪૨. મારી નીચેની દોલત
૪૩. પપ્પા કહેશે તોજ કરીશું.
૪૪. સુપરા સાફ
૪૫. આય કેલેન્ડર કોણનું ?[૪]

તેમના લખાણનો મુખ્ય ભાગ હાસ્ય રોકે છે, છતાં 'માયની માયા' અને 'લગ્નનો ગાંઠ' નામના નાટકોમાં કરુણરસ દ્વારા તેમણે લગ્ન જીવનની કરુણતાનું દર્શન કરાવ્યુ છે. સેટિંગ્સ અને પ્રકાશ યોજનામાં પણ અનેક પ્રયોગ કરી તેમણે ઉચ્ચ કોટિના પરિણામો સિધ્ધ કર્યો છે. 'પ્લેટિક સ્ટેજ'ની શરુઆત કરવાનો યશ તેમના ફાળે જાય છે. અદી મર્ઝબાનનું આ પ્રદાન આજે રંગભૂમિ માટે આશાસ્પદ સિમાચિન્હ સમું બની રહે છે. રેડીયો પરથી 'બુધ્ધિ-ધ્યાન શાક મંડળી'ના ઉપક્રમે અનેક નાટિકાઓ રજૂ કરી ઇ.સ.૧૯૪૭ થી ૧૯૭૩ સુધીમાં ૧૦૦૦ થી વધારે ગુજરાતી નાટક, ૨૦૦૦ થી વધારે અંગ્રેજી નાટક રેડિયો પરથી રજૂઆત પામ્યાં જેમાં ૧૫૦૦ જેટલા નાટક અદી મર્ઝબાનના હસ્તે લખાયેલ છે. ઇ.સ.૧૯૫૩ માં તેઓને યુનેસ્કોની ૧૬૦૦ ડોલરની

સ્કોરશીપ નાટયશાસ્ત્રના અભ્યાસાર્થે મળી. આ સ્કોલરશીપથી તેમણે યુનાઇટેડ સ્ટેટસની વિશ્વવિખ્યાત Pasadena Playhouse પ્રોડકશન, ડાયરેકશન, રેડીયો, સીનેમેટોગ્રાફી અને ટેલીવીઝન આદિનો ઊંડો અભ્યાસ કર્યો, આ પ્લેહાઉસમાં તેમણે ઘણાં નાટકના નિર્માણ અને નિર્દેશન કર્યાં. ભારત પ્રાછા ફરતાં તેમણે મુંબઇમાં પોતાનું 'ધી પ્લે બોક્ષ' ની શરુઆત કરી જેના વડે લોકો ગંભીરતાપુર્વક થિયેટરના વિવિધ પાસાઓ પરત્વે જાગૃત થયાં. વિવિધ ભગિની ભાષા તથા પાશ્ચાત્ય ભાષામાં નાટક ભજવી આધુનિક નાટય કળાનો પ્રયોગ તેના નિર્માણમાં કરવો તે અન્ય મહત્વનું અંગ ગણાવી શકાય.

રંગભૂમિ પર વાસ્તવિક રજૂઆત કરવાના આગ્રહી અદી મર્ઝબાન' બ્રેઇન વોશીંગ'ને પણ મહત્વનું ગણે છે. તેઓ પોતાના પર ચંદ્રવદન મહેતાનું ઋણ છે તેમ ખૂબજ મુકતપણે જણાવે છે. આ ઉપરાંત ડબલ્યુ ડબલ્યુ જેકબ્સ, પી.જી.વોડહાઉસ, સ્ટીવન લીકોક, જેમ્સ થર્બર, રોબર્ટ બેન્ચલી આદિની અસર પણ તેઓમાં વર્તાય છે. કદાચ પારસી-ગુજરાતી રંગભૂમિ પર શ્રી અદી મર્ઝબાન જેટલી વિપુલ સંખ્યામાં નાટયકૃતિઓની રચના અન્યેએ નહી કરી હોય. અર્વાચીનતમ રંગભૂમિના એક શ્રેષ્ઠ કલાકાર-નિર્માતા-નિર્દેશક-નાટયકાર તરીકે પારસી ગુજરાતી રંગભૂમિને તેમનું પ્રદાન એટલા માટે નોંધપાત્ર બની રહે છે કે તેમના થકીજ નાટક અને રંગભૂમિનું એક નૂતન સ્વરુપ આજે આપણી સમક્ષ ઘડાયેલ જોવા મળે છે.

## સ્વ. ફિરોઝ આંટિયા

શ્રી અદી મર્ઝબાન પાસે તાલીમ પામેલ સ્વ. ફિરોઝ આંટિયા પારસી રંગભૂમિના એક સારા નટ-નાટયકાર અને નિર્દેશક હતાં. તેઓએ તેમનો કોલેજનો અભ્યાસક્રમ પૂર્ણ કયા બાદ નાટયક્ષેત્રે પ્રવેશ કર્યો હતો. શ્રી અદી મર્ઝબાન છછી પારસી સંસારી એકાંકી અને ત્રિઅંકી લખવામાં તેમજ પોતાના નિર્દેશન હેઠળ ભજવવામાં શ્રી ફિરોઝ આંટિયાનુ સ્થાન પ્રથમ ગણાવી શકાય. નાટક પરત્વેની તેમની ફિલસૂફી જોતાં લેખક એમ માનતા જણાય છે કે વ્યકિત માત્રનું જીવન ન્યૂનાધિક અંશે કરુણતાથી પૂર્ણ હોવા છતા આનંદ મેળવવા તેણે સક્રિય બની રહેવું જોઇએ. જો સહેતુક રીતે જીવનને હળવી રીતે નિહાળીએ તો કરુણતાનો ભાર લુપ્ત થઇ જાય છે. નાટયકાર તરીકે ફિરોઝ આંટિયાની દૃષ્ટિ આશાવાદી છે. એકાંકી નાટયકાર તરીકે શ્રી ફિરોઝ આંટિયા અર્વાચીનતમ પારસી રંગભૂમિના એક સફળ એકાંકીકાર તરીકે પુરવાર થયા છે. તેમના 'છ નાટકો''નવેં નાટકો અને 'પંદર નાટકો અને અગિયાર ટચુકડીઓ'માં તેમણે નિરુપેલ પારસી સંસારના પ્રસંગોમાં હાસ્યરસના નેપથ્યમાં વહેતા કરુણરસ જોતાં એક સિધ્ધહસ્ત

એકાંકીકાર તરીકે તેઓ બહાર આવે છે. અલબત્ત સ્વ.ફિરોઝ આંટિયાના હાસ્યમાં દંશ નથી, પણ તેમાં વર્તાય છે, માનવ સહજ નિર્બળતાનું ચિત્ર.લેખક ત્યાંથી પણ અટકતા નથી. પણ આ નિર્બળતાઓને ઉદારતાથી જોઇ તેને ગભીર ન લેખતા હસી કાઢી જીવનને કરુણતાની ગર્તામાં ધકેલી ન દેવું જોઇએ તેવો સૂર રજૂ કરતાં હોય તેમ જણાય છે. તેમના આ સંદેશનો સૂર તેમના નાટકોમાં લેખકે ગર્ભિત રીતે રજૂ કર્યો છે. આ છએ નાટકોમાં બોધનું તત્વ નથી. ઉંડી ફિલસૂફી નથી. સમાજમાં રહેલ અનિષ્ટોને ઉખેલી નાંખવાના ભગીરથ પ્રયાસ નથી.એમાં છે માત્ર માનવજીવનમાં સહજ રહેલ નિર્બળતાઓનું લેખક કરેલ વિશિષ્ટ દર્શન. એમાં ખળખળાટ વહેતા સ્ફુટ હાસ્યમાં દંશ નથી, ઉગ્ર કટાક્ષો નથી, વેધક ચબરાકિયા નથી. એમાં છે માત્ર રંગમંચ ઉપરથી પ્રેક્ષકોને મુકત રીતે હસાવવાની પ્રબળ શકિત.'[૫] ગુજરાતી નાટયકાર તેમજ નાટય સાહિત્યના અભ્યાસી શ્રી ધનસુખલાલ મહેતાના આ ઉદ્ગાર ફિરોઝ આંટિયાના નાટકોની ફિલસૂફી આપણી સમક્ષ તાદૃશ કરે છે. આ બધાજ નાટકોનો મુખ્ય ઉદ્દેશ છે. પ્રેક્ષકોને મુકત કંઠે હસાવવા. ત્રીઅંકી નાટયકાર તરીકે પણ શ્રી ફિરોઝ આંટિયા એટલાજ સફળ નાટયકાર સાબિત થયા છે. તેમના મહત્વના ત્રીઅંકી નાટકો નીચે પ્રમાણે ગણાવી શકાય.

(૧) બહેરામે શું કીધું ? (૨) વાહરે બહેરામ (૩) બેબસી બહાર પડી (૪) અંતે અલી ફોઇ આવ્યા (૫) બહેરામની સાસુ (૬) મહેરાને ખાતર (૭) પ્યારા પેસ્તનજી (૮) હવે મને જોઇલો (૯) બૈરીઓની બલા (૧૦) ચાલો ઝેર પાઇએ (૧૧) ભલે બધાયાં. આ બધાજ નાટકો સફળ રજૂઆત પામ્યા જેમા સ્વ.ફિરોઝ આંટિયાએ અભિનય અને નિર્દેશનનું કાર્ય સંભાળ્યું હતું. ફિરોઝ આંટિયાના નાટકોની ખૂબીજ એ છે કે એ જેટલા સુવાચ્ય છે તેટલાજ સફળ અભિનેય પણ છે. ફિરોઝ આંટિયાના સર્વ નાટકોની સફળ ભજવણીમાં તેમને મળેલ કલાકારોનો સંગાથ પણ વિસ્મરી શકાય નહી. માત્ર પારસીજ નહીં પણ ગુજરાતી કલાકારોએ પણ તેમના નાટકોમાં અભિનય કર્યો હતો. આ કલાકારોમાં મુખ્ય એરચ પાવરી, એરીક પેમાસ્તર, નાજુ દસ્તુર, પીલુ મીસ્ત્રી, ડોસા મીસ્ત્રી, હોમી તવડિયા, મોતી આંટિયા, બાલ મરાઠે, મધુકર રાંદેરિયા, ચારુબાળા, વનલતા, દીનુ નીકલસન, કેટી ઉમરીગર, જીમી પોંચા, અને ફલી મીસ્ત્રી આદિને ગણાવી શકાય. તેમના દ્વારા પ્રસિધ્ધ થયેલ 'છ નાટકો' પુસ્તિકામાં ચાર નાટકો તેમના મૌલિક છે. આ નાટકોમા 'હરિશ્ચંદ્ર બીજો', 'દુ:ખિયારી દીનું', 'શાંતિ માનસિક હોસ્પિટલ ' અને 'ભૂતમામાની પધરામણી'ને ગણાવી શકાય. જયારે 'ફસેલો ફરેસ્તો' અને 'માસીને દે ફાંસી' નાટક અનુક્રમે 'ફોધર ગીલ જોઇન્સ ધી એન્જલ્સ' અને 'ધ ડ્રીમ ઓફ ટટલ'ઉપરથી રચના કરી હતી. 'હરિશ્ચંદ્ર બીજો' મૈત્રી સંઘના આશ્રયે તારિખ ૧૫-૨-૫૦

નાટયસ્પર્ધામાં ભજવાઇ પ્રથમ ઇનામને લાયક ઠર્યું. પાછળથી આ નાટકના અનેક પ્રયોગ થયા અને હાલમાં અમદાવાદ-વડોદરા-મુંબઇમાં નાટયવિધા શાખા તથા અન્ય સંસ્થાઓ તરફથી અવર નવાર ભજવાતું રહે છે. 'ભુત મામાની પધરામણી'એ ફિરોઝ શાહ મર્ઝબાન સીલ્વર ટ્રોફી મેળવી હતી. સ્વ.ફિરોઝ આંટિયાના નાટકો આઇ.એન.ટી. ધી ન્યુ એમેટર ડ્રામેટિક કલબ, યઝદી કરંઝીઆ ગ્રુપ ઓફ ડ્રામેટિક્સ આદિ નાટય સંસ્થા દ્વારા ભજવાતા રહયાં છે. હાલમાં અત્રે યઝદી ગ્રુપ ઓફ ડ્રામેટિકસનો ઉલ્લેખ નોંધ પાત્ર એટલા માટે કહે છે કે સુરતના ટેક્ષટાઇલ માર્કેટમાં 'બહેરામની સાસુ' નાટકની સુવર્ણ જયંતી ઉજવી માત્ર સુરતજ નહીં પણ ગુજરાતના શહેરો અને મુંબઇ આદિ મહાનગરોમાં પણ આ નાટક ભજવી જાણે સ્વ.આંટિયાને તર્પણ કરી તેમને આપણી વચ્ચે ઉપસ્થિત રાખી શકી છે.

પાશ્ચાત્ય નાટય સંસ્કાર પામેલ નાટયકાર ફિરોઝ આંટિયા તેને ખૂબજ કૌશલ્યપૂર્વક પારસી વસ્ત્ર પહેરાવી તેની સફળ રજૂઆત કરી શકે છે. અભિનેતા તરીકે તેઓ તેમના નાટકમાં મહત્વની ભૂમિકા ભજવી સફળ હાસ્યકલાકાર બની શકયા છે અને એટલીજ સફળતા તેઓએ પોતાની શકિત અને બુધ્ધિ વડે દિગ્દર્શનમા પ્રાપ્ત કરી છે.તેમના સઘળાં નાટકોનું દિગ્દર્શન તેઓ ખૂબજ સરળ અને સફળ રીતે કરતાં. શ્રી ધનસુખલાલ મહેતાનું 'રંગીલો રાજ્જા' નામના રુપાંતરના દિગ્દર્શને સ્વ.આંટિયાને અત્યંત કિર્તિ પદાન કરી હતી તેનો ઉલ્લેખ અત્રે કરવો રહયો. અંતે એક સફળ નાટયકાર-અભિનેતા-દિગ્દર્શક તરીકે સ્વ.ફિરોઝ આંટિયા પારસી રંગભૂમિની જે સેવા કરી તે બદલ તેમને રંગભૂમિનો ઇતિહાસ કયારેય વિસ્મરી નહી શકે.

## મીનુ નરીમાન

મુંબઇની પારસી રંગભૂમિના મહત્વપૂર્ણ નાટયકાર તેમજ અભિનેતા શ્રી મીનુ હોરમસજી નરીમાને પણ પારસી-રંગભૂમિને વિભૂષિત કરવા અનેક નાટય પ્રયોગો કર્યાં. ૧૩ મે ૧૯૦૫માં જન્મેલ આ કલાકારે 'એલફિન્સ્ટન કોલેજ'માં પોતાનો અભ્યાસ કર્યો છે જે આંખની નબળાઇને કારણે અપૂર્ણ રહયો. અભ્યાસ છોડયા બાદ તેઓ પોતાના પિતાની 'મોરારજી એન્ડ હોરમસજી લી' મીલમા જોડાયા જે પાછળથી બંધ પડતાં તેઓ પાછળથી 'નરીમાન સન્સ પ્રાયવેટ લી.'ના ડાયરેકટર બન્યાં. નાનપણમાં શાળાના જીવન દરમ્યાન 'હરિશ્ચંદ્ર' નાટકમાં 'રોહિત'નું પાત્ર ભજવ્યું. કદાચ નાનકડા મીનુના ચિત્ત પર આ નાટકના સંસ્કાર ખૂબજ પ્રબળ સાબિત થયા અને તેના પરિણામે તેઓ ઉત્તરોત્તર નાટક પ્રતિ અભિમુખ બનતા ગયા.પોતાના મન પર અંકાયેલ નાટયસૃષ્ટિને સાકાર કરવા તેઓ 'ધી પારસી એમેટર ડ્રામેટીક સોસાયટી' અને

'ધી ઈન્ટર કોલેજીયેલ ડ્રામેટીક કલબ'માં સક્રિય બન્યા. આ દરમ્યાન તેઓ જાણીના પત્રકાર-નાટયકાર 'પિજામ'ના સંપર્કમાં આવ્યા અને તેમની પાસે યોગ્ય તાલીમ તેમને મળતી રહી. 'પિજામ'ના સાંનિધ્ય દરમ્યાન મીનુ નરીમાને 'પિજામ'ના માસીનો માકો, અફલાતુન, તહેમુરસ્પ તેમુલજી, મખ્ખઈ-મોહરો અને મેડમ ટીચકું આદિ નાટકોમાં ભાગ ભજવ્યો. ઇ.સ. ૧૯૪૪માં મુંબઈમાં 'ઇન્ડીયન રેડક્રોસ'ના આધારે મીનુ નરીમાને પોતાનું સ્વરચિત ત્રિઅંકી કોમેડી નાટક' મોહબત્તનુ છોબત' ભજવ્યુ અને તે નાટક ખૂબજ સફળ સાબિત થતાં તેણે મીનુ નરીમાનને ઉચ્ચકક્ષાના નટ-નાટયકાર સાબિત કરી દિધાં. ઇ.સ.૧૯૪૬ માં ન્યુ બાલીવાલા ડ્રામેટિક કલબના માલિક દારાશા ખરાસ અને મહાન ગાયિકા મુન્નીબાઈએ 'નસીબ' નામનું મીનુ નરીમાનનું નાટક ભજવ્યુ. આજ વર્ષમાં કલકત્તાની 'ખટાઉ આલ્ફ્રેડ થિયેટ્રીકલ કું.'ના માલિક ફરેદુનજી ઈરાનીએ મીનુ નરીમાનનું 'કન્ફયુઝન'નામનું નાટક ભજવ્યું.

પિજામ ઉપરાંત ડૉ.જહાંગીર વાડિયાના સંસ્કાર પણ મીનુ નરીમાન સ્વીકારે છે, અને જહાંગીર વાડિયાના 'પારસી હરિશ્ચંદ્ર', 'બેવફા બેનુ', 'ગોટલામા ગોસ' અને 'પસ્તાયેલો પારસી' આદિ નાટકોમાં મીનુ નરીમાને મહત્વનો ભાગ ભજવ્યો. આ સમગ્ર નાટય કારકિર્દીના અંતે ઇ.સ.૧૯૪૮ માં તેમણે પોતાની નાટય સંસ્થા ઊભી કરી જે 'મીનુ નરીમાન એન્ડ ફ્રેન્ડઝ ડ્રામેટિક સર્કલ'ના નામે ઓળખાઈ. આ સંસ્થાના ઉપક્રમે અનેક નાટકો ભજવી અનેક સંસ્થાના લાભાર્થે જે યશસ્વી પ્રદાન કર્યુ તે બદલ મીર નરીમાન અને અન્ય કલાકારોને વિસ્મરી શકાય નહીં. તેમના મહત્વના નાટકોમાં 'રતનજીનો રકાસ', 'વાહરે દિકરા વાહ', 'મોહબતનું છોબત', 'લવના લફરા', 'કન્ફયુઝન', 'શાપુરજીનો સંતાપ', નકના જોગી', 'સોસાયટી ડેમ્સ', 'બાપુજીનો બરાપો', 'સોનેરી ટોલી', 'નસીબના નખરાં', ઉંધી ખોપરીના અરદેશર', 'હાઉદાસ-ચાઉદાસ એન્ડ કું.', 'સોરાબજીના સુપરા સાફ' આદિ ગણાવી શકાય. આ નાટકોમાંથી બહુધા 'મીનુ નરીમાન' એન્ડ ફ્રેન્ડ્ઝ ડ્રામેટીક સર્કલ'ના ઉપક્રમે ભજવાયા. ૬

ઇ.સ.૧૯૫૭ માં આ નાટય મંડળીને સધ્ધર બનાવવા માટે એક કમિટિની રચના કરવામાં આવી જેમાં ડૉ.રુસ્તમ એન.કપુર, ડૉ.આર.જે.કુબાશ, શ્રી ઈરાક, પ્રો.પેસ્તનજી ૨ હાંસોટિયા, શ્રી મીનુ દેસાઈ, શ્રી જહાંગીર શ્રોફ, શ્રીમતી ફેની કામા આદિ અગ્રગણ્યનો સમાવેશ કરવામાં આવ્યો. આ કમિટિ અને મીનુ નરીમાન તેમજ કલાકારોના સહયોગથી શૈક્ષણિક સંસ્થાઓ, અંધગૃહ, શાળાઓ, દવાખાના, ધરતીકંપ, રેલરાહત ફાળો આદિ પરોપકારી કાર્યો માટે નાટક ભજવી રંગભૂમિ અને સમાજ ઉભય માટે અત્યંત પ્રશસ્ય કાર્ય કર્યુ છે. આ નાટકમંડળના ઉપક્રમે તૈયાર થયેલ કલાકારોમાં નરિમાન પટેલ, શ્રીમતી ફિરોઝ આંટિયા, માણેક વાડિયા, મીનુ ભાભા, પેસી બોયવાલા, નરિમાન મહેતા, સેવક ભુમગારા, આલુ પાવરી, મનીખાન, મની પટેલ, માણેક કારકા, દાદી સરકારી, જીમી પોંચા, મીનુ શેરડીવાલા અને જીજી ટોડીવાલાના નામ ઉલ્લેખનીય છે.

માત્ર મુંબઈમાંજ નહી પણ અન્ય શહેરોમાં પણ નાટ્ય મંડળના ઉપક્રમે અનેક નાટકો ભજવાયા. અને પારસી સંસારી નાટકો રચી-ભજવી તે દ્વારા અનેક સંસ્થાઓની નાણાંકીય ખોટ પૂરી પાડી, અનેક કલાકારોને રંગભૂમિ પર અવકાશ આપી રંગભૂમિ અને સમાજને ઉપયોગી થવાનો મીનુ નરીમાનનો શુભાશય પારસી રંગભૂમિનું એક વિશિષ્ટ અંગ બની આજે પ્રજવળી રહેલ છે.

## ડો. રતન રુસ્તમજી માર્શલ

પારસી-ગુજરાતી રંગભૂમિના અભ્યાસી નાટ્યકાર, અભિનેતા, દિગ્દર્શક ડો. રતન માર્શલ આજની પારસી રંગભૂમિની એક યશસ્વી પ્રતિભા છે. કોલેજકાળથી નાટ્ય પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ડો. માર્શલ ગંભીર પ્રકૃતિના હોવા છતાં તેમણે નાટ્યક્ષેત્રે હળવાં નાટકોનું સવિશેષ પ્રદાન કરેલ છે, અને હળવી ભૂમિકાઓને સફળતાપૂર્વક રજૂ કરેલ છે. ડો. માર્શલે એકાંકી, ત્રિઅંકી, રેડિયો નાટિકાઓની રચના કરી હોવા છતાં તેમનું નોંધપાત્ર અર્પણ નાટ્ય-વાંચનનું છે. આ દિશામાં અનેક પ્રયોગો કરી તેમણે સાબિત કરી આપ્યું છે કે નાટક ભજવાય ત્યારે તો મનોરંજન મળેજ પણ નાટ્ય-વાંચન દ્વારા પણ એટલુંજ મનોરંજન પ્રદાન કરી શકાય. અલબત્ત આ પ્રયોગમાં અવાજની તાલીમ મહત્વપૂર્ણ ભાગ ભજવી જાય છે. આ પ્રયોગમાં ડો. માર્શલની સફળતાનું રહસ્ય છે તેમનો અસરકારક અવાજ. દક્ષિણ ગુજરાતમાં નવી ગુજરાતી રંગભૂમિ માટે મહત્વનું પ્રારંભિક કાર્ય કરનાર કલા સંસ્થા 'કલાકેન્દ્ર' સાથે તેઓ વર્ષો સુધી સંકળાયેલા હતાં. આ સંસ્થા પછી તેઓ હાલમાં યઝદી કરંજીયાની નાટ્યસંસ્થા સાથે સંકળાયેલા છે. આ સંસ્થાના ઉપક્રમે સ્વ. ફિરોઝ આંટિયા, સ્વ. ધનસુખલાલ મહેતા ઉપરાંત તેમના નાટકો પણ ભજવાયા. ડો. રતન માર્શલ અને યઝદી કરંજીઆ રચિત અંતિમ નાટક 'હનીમુન-હાઉસ'ની ૧૯૭૪ માં રજુઆત થતા સારી સફળતા મેળવી ગયું.

ડો. માર્શલના 'અહી સૂતો છે સંત', 'રથ હંકાયો હૃદય પર', હરિ સે લગન લગાઇ', 'ન્યાયનાં પારખાં', એક એકથી સવાયા', અને 'ભૂલા પડેલાં ભીખાઈજી' આદિને નોંધપાત્ર ગણાવી શકાય. મૂળ અંગ્રેજી ઉપરથી રુપાંતર થયેલા હિન્દુ સંસારી નાટકોને એમણે સફળતાથી પારસી વાગા પહેરાવ્યા છે. એ દિશામાં એમના ત્રિઅંકી નાટક 'બિચ્ચારો બરજોર' (ધનસુખલાલ મહેતા સાથે) અને 'હનીમુન હાઉસ' સફળ પ્રયોગ ગણાવી શકાય. તેમના આગામી નાટકો છે 'પારસી પાંડવો' અને 'સપ્પરમે દારે ઉધરસ'. આ ઉપરાંત સૂરતની 'નર્મદ સાહિત્ય સભા'ના ઉપપ્રમુખ તરીકે તેઓ પોતાની સેવાઓ પ્રદાન કરી રહયાં છે. નાટ્ય અને રંગભૂમિના અભ્યાસુ ડો. માર્શલનું વિશેષ પ્રદાન તે તેમનું નાટ્ય વાંચન. ગુજરાતમાં નાટ્યવાંચનના પ્રગરણ માંડવા

બદલ પારસી રંગભૂમિના ઈતિહાસમાં તેમનું નામ પ્રથમ હરોળમાં મૂકી શકાય. યઝદી કરંજીઆ જેવા શિષ્યને તૈયાર કરી 'કરંજીઆ ગ્રૂપ ઓફ ડ્રામેટિક્સ'ની પ્રવૃત્તિઓને સફળતા મળે તે બદલ સક્રિય કાર્ય કરતા ડો. માર્શલ પારસી નાટક અને રંગભૂમિની વિશિષ્ટ સેવાઓ બદલ નોંધપાત્ર બની રહે છે.

## હોમી પાલનજી તવડીયા

અદી મર્ઝબાને પારસી રંગભૂમિને પ્રદાન કરેલ બે અમૂલ્ય રત્ન તે હોમી તવડિયા અને ફિરોઝ આંટીયા. અલબત્ત અદી મર્ઝબાનના માર્ગદર્શન હેઠળ અનેક કલાકારો તૈયાર થઇ પારસી નાટય-તખ્તાને ઉજ્જવળ કરી રહ્યા છે. મુંબઇ યુનીવર્સીટીની બી.એ.એલએલ.બી.ની ઉપાધી પ્રાપ્ત કરેલ શ્રી હોમી તવડિયા હાલમાં ડેપ્યુટી લીગલ સલાહકાર તરીકે મુંબઇમાં સેવાઓ પ્રદાન કરી રહેલ છે. હોમી તવડિયા પોતે એક સારા નાટ્યકાર-દિગ્દર્શક અને અભિનેતા છે. તેમણે ગુજરાતી, મરાઠી તેમજ અંગ્રેજીમાં એકાંકી તેમજ ત્રિઅંકી નાટકો લખી પોતાનાજ દિગ્દર્શન હેઠળ સફળતાપૂર્વક ભજવ્યાં છે. ઇ.સ.૧૯૪૪ માં તેમણે 'ચમત્કાર'નામનું એકાંકી લખી નાટયક્ષેત્રે પ્રવેશ કર્યો. ત્યારબાદ તેમણે 'મૂંગી મહેરા', 'બહેરાનો બફાટ','ઓડાગરી' 'ઘરનો ગબ્બર', 'ગીતનો ગોટાળો', 'મેનીફિસ્ટો મોર્નિંગ', 'ફરિદા' 'જેને રામ રાખે', 'હન દિવાની નથી' આદિ અનેક એકાંકીની રચના કરી જે વિવિધ હરિફાઇઓમાં ભજવાયા અને પુરસ્કૃત થયા. વળી ૬ મ્યુઝિકલ-પેરડી-ઓપરેટા અને થોડો પ્લેની રચના કરી જેમાં 'શીરીનબાઇ શકુંતલા', 'શાપુરજી સેમ્પસન', 'સત્યવાદી સુનાબાઇ' આદિ મહત્વના ગણી શકાય. આ ઉપરાંત અનેક 'Short Sketches and Playlets' લખ્યા-ભજવ્યાં.

આ ઉપરાંત ગવર્નમેન્ટ લો કોલેજ માટે 'One Poor Faint'નામનું નાટક લખ્યું જે ટ્રોફી વિજેતા બન્યું હતું, અને લવજી કામા નાટયસ્પર્ધા માટે ન્યુ વર્લ્ડ ઓર્ડર'નામનું એકાંકી નાટક લખ્યું Indian Drametic Competition for Sohrab Modyના ઉપક્રમે ચાર હિન્દી એકાંકીની રચના કરી જેમાં ચોથું 'માલ્વિકી ધૂપદાન'શાળાકીય સ્પર્ધા માટે લખાયું હતું.આ ઉપરાંત મરાઠીમાં 'મી લેખ લીહીતો' અને 'આશા'નામના બે એકાંકીનું સર્જન કર્યું જે મુંબઇની પોર્ટ ટ્રસ્ટ હરિફાઇમાં સફળતાપૂર્વક ભજવાયા. શ્રી હોમી તવડિયાએ એકાંકી ઉપરાંત ત્રિઅંકી નાટકોનું સર્જન કર્યું હતું જેમાં આજ સુધી ત્રેવીસ જેટલા હાસ્યરસિક અને ગંભીર નાટકોનો સમાવેશ થાય છે. તેમના ત્રિઅંકી નાટકોમાં 'બોલતી બંધ', 'મહોબત્ત કે મૂસિબત', 'અરદેશર અલ્લાઉદ્દીન', 'નાદીરશા નોટી થયા', 'પડોશન પૂંઠે પડી', 'કુંવર કાકીનું કલ્ચરલ મશીન', 'ગુલાબ એકને કાંટા પાંચ', પપ્પા પરનવા નીકળીયા',

'જરા મારું તો સમજો','પેસ્તનજીનું પોરસુ પરિયુ',આદિને મહત્વના ગણાવી શકાય. અદી મર્ઝબાન સાથે 'મોટા દિલના મોટા બાવો'અને મરીમાન પટેલ સાથે 'અદેખી'નાટક પણ નોંધપાત્ર બની રહે છે. અત્યારે તેમનું છેલ્લુ સફળ નાટક 'બનાવ તારી બૈરી'નો નવમો શો ૩ માર્ચ ૧૯૭૪માં મુંબઇ ખાતે સફળતાપૂર્વક થયો હતો.

ગુલાબ એક કાંટા પાંચ' નામનું નાટક મરાઠીમાં 'મુખાવટે'ના નામે અનુવાદિત થઇ મુંબઇ પોર્ટ ટ્રસ્ટ સ્પોર્ટસ કલબ માટે ચિંતામણીરાવ કોલ્હાટકર નાટયસ્પર્ધામાં ઇ.સ.૧૯૬૯માં સફળતાપૂર્વક ભજવાઇ પ્રથમ ઇનામને પાત્ર ઠર્યું. નાટયકાર હોવાની સાથે તેઓ એક સારા અભિનેતા હોવાને કારણે તેમના તેમજ અન્ય નાટકોમાં તેમણે અનેક ભૂમિકાઓ સફળતાપૂર્વક ભજવી હતી. આઇ.એન.ટી.'ભારતીય વિદ્યાભવન એમેચ્યર્સ ડ્રામેટીક સર્કલ' પારસી આર્ટ સર્કલ, અદિ મર્ઝબાનનું પ્લેબોકસ આદિ સંસ્થાના ઉપક્રમે ભજવાતા નાટકોમાં તેઓ સફળ કલાકાર સાબિત થઇ રહયા. આ પ્રયોગો દરમ્યાન શ્રેષ્ઠ અભિનય માટે તેઓને ઇનામ-ટ્રોફી પણ મળતાં રહયાં. સ્વ.ડો.જહાંગીર વાડિયા અને સ્વ.ફિરોઝ આંટીયાના નાટકો ઉપરાંત છેલ્લા ૩૩ વર્ષથી તેઓ અદી મર્ઝબાનના નાટકોની ભજવણીમાં મહત્વપૂર્ણ પાત્ર ભજવી રહયા છે.

તેમના દરેક નાટકનું દિગ્દર્શન તેમણે પોતેજ સંભાળ્યું છે. 'મુખાવટે'નાટકનું શ્રેષ્ઠ દિગ્દર્શન કરવા માટે તેઓને ઇનામ પ્રાપ્ત થયું છે. 'પારસી મેડિકલ એમેચ્યોર્સ' ઉપરાંત મુંબઇની કોલેજો તેમજ અન્ય સંસ્થાઓમાં તેઓ દિગ્દર્શક તરીકેની પોતાની સેવાઓ અર્પી રહયા છે. તેમના બધાજ નાટકો તેમના દ્વારા પ્રોડ્યુસ થયા જેમાં તેમણે અવનવીન પ્રયોગો પણ કર્યા. 'મહોબત કે મુસીબત'નામના નાટકમાં વિમાન ઉડ્ડયનનું દ્રશ્ય અને અકસ્માત, 'જરા મારું તો સમજો' નાટકમાં નદીના પુલ ઉપર બે આગગાડીનો અકસ્માત, આદિ દ્રશ્યોનું આયોજન પણ તેમણેજ કર્યું હતું. મેક-અપ-મેન તરીકેની કારકિર્દીનો પ્રારંભ કરેલ આ કલાકારને મેક-અપની કળા પણ સિધ્ધ છે. જેનો લાભ તે તેમના દ્વારા લખાયેલ ભજવાયેલ નાટકોમાં આપી રહેલ છે. અદી મર્ઝબાન દ્વારા એ.આઇ.આર.પર આયોજીત 'બુધ્ધિ ધાન સાખ મંડળ'માં તેઓ ભાગ ભજવતાં અને આ મંડળમાં એક વખત પદ્મશ્રી ચંદ્રવદન મહેતા પણ પાત્ર તરીકે આવતાં હતાં. ઇ.સ.૧૯૭૩ માં ૨ જી ઓકટોબરે ટેલિવિઝનના ઉદ્ઘાટનના દિવસે અદિ મર્ઝબાન સાથે 'આવો મારી સાથે'નામના કાર્યક્રમમાં ભાગ ભજવ્યો હતો. આ ઉપરાંત તેમણેપણ તેમના ત્રણ ગુજરાતી પપેટ નાટકો અને 'હે કાય ઝાલા ?', 'વિશરાલુ જગ', આદિ મરાઠી નાટકો ટી.વી.પર ભજવ્યાં. શ્રી હોમી તવડિયા આજની પારસી રંગભૂમિના એક સક્રિય કલાકાર છે. જેમણે નાટય સર્જનથી નાટય નિર્માણ સુધીના પ્રત્યેક પાસાંઓને સફળતાપુર્વક રંગભૂમિ પર રજૂ કર્યા છે. આજના પારસી સંસારી નાટકો વિષે તેમણે જણાવ્યું હતું કે નાટક દ્વારા સમસ્યા

રજૂ કરી ને દ્વારા પ્રેક્ષકોને તેના પર વિચારતા નાટયકારે કરી મૂકવા જોઇએ. સંપૂર્ણ જીવનનો અહેવાલ આપવાને બદલે એકાદ પ્રસંગના આયોજનથી તે પરત્વે નિર્દેશ કરવો, કોમેડી નાટકોમાં એકી સાથે ઘણી બધી સમસ્યાઓ રજૂ કરી શકાય છે. માટે આજે કોમેડી નાટકો વધુ લખાય છે અને તે બોકસ ઓફિસ પર વધુ સફળ સાબિત થાય છે. આજની પારસી રંગભૂમિ પર 'અભિનેતા-દિગ્દર્શક-નાટયકાર' તરીકે સાબિત થયેલ હોમી તવડિયા પારસી ગુજરાતી નાટય પ્રયોગની પ્રણાલિકા જાળવી રાખનાર તેમજ નાના નાના વિવિધ સ્કેચીઝ ભજવી નૂતન પ્રયોગ કરનાર તરીકે વિશિષ્ઠ સ્થાનના અધિકારી બનો રહે છે.

## યઝદી કરંજીઆ અને તેમનું નાટય મંડળ

શ્રી અદી મર્ઝબાન, સ્વ.ફિરોઝ આંટીયા, હોમી તવડિયા, અને ડો.રતન રુસ્તમ માર્શલ આદિ પછી પારસી રંગભૂમિને એક વિશિષ્ઠ કલાકાર અને દિગ્દર્શક સાંપડયો તે યઝદી કરજીઆ શ્રી ધનસુખલાલ મહેતા તેમના વિશે લખે છે :'' ગુજરાતી રંગભૂમિને પ્રથમ પ્રાણ અર્પનાર પારસીઓજ હતાં અને એમાંના એક સપૂત, નૌશીરવાન કરંજીઆએ તો પોતે રંગભૂમિના ઉધ્ધારાર્થે ખૂબ શ્રમ અને રસ લીધો હતો. એટલુજ નહીં પણ પોતાના કુટુંબીજનોને પણ પોતાના આ વિશેના સંસ્કાર સારા પ્રમાણમાં બક્ષ્યા હતાં. એમના દરેકે દરેક સંતાન આ રંગભૂમિના કળામાં પારંગત છે.... અને તેમના જયેષ્ઠ પુત્ર યઝદી તો સુરતના આ ક્ષેત્રમાં કાર્યકર્તા કલાકારોમાં આગલી હરોળમાં છે.૮ મુંબઇ બહાર પારસી નાટય પ્રવૃત્તિ ચલાવતી આ મંડળીમાં કરંજીયા કુંટુંબના પ્રત્યેક સભ્ય એક વખત ભાગ ભજવતાં હતાં. હાલમાં આ ગ્રુપમાં અન્ય કલાકારોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાત ઉપરાંત મુંબઇ, નાગપુર, અને દિલ્હીમાં પણ સ્વ.ફિરોઝ આંટિયા, ધનસુખલાલ મહેતા અને ડો.રતન માર્શલના નાટકો આ ગ્રુપ દ્વારા ખૂબજ સફળતાપૂર્વક ભજવાયા. આ સફળ પ્રયોગોનું દિગ્દર્શન અને મુખ્ય અભિનય યઝદીએ કુશળતાપૂર્વક કર્યો હતો તે અત્રે નોંધપાત્ર બની રહે છે. દિલ્હીના માવળંકર હોલમાં 'બિચ્ચારો બરજોર' સફળતાપૂર્વક ભજવાયું હતું જેના મુખ્ય કલાકારોમાં હતાં યઝદી કરંજીઆ, શ્રીમતી વીરા કરંજીઆ, જાલ લંગડાના, રોહીન કરંજીઆ અને રુસી બેસાનીયા,. આ ગ્રૂપ દ્વારા સ્વ.ફિરોઝ આંટીયાના નાટકો વારંવાર વિવિધ સ્થળોએ ભજવાતા રહયાં તે ઉલ્લેખનીય બની રહે છે. આ ઉપરાંત અમદાવાદની રીધમ સંસ્થાના ઉપક્રમે ભજવાયેલ ધનસુખલાલ મહેતાનુ 'રંગીલો બહેરામ' યઝદી કરંજીઆના નિર્દેશન હેઠળ સફળતાપૂર્વક ભજવાયું જેમાં કલાકારોએ નીચે પ્રમાણે પાત્ર ભજવ્યાં હતાં :

| | | | |
|---|---|---|---|
| બહેરામ | યઝદી કરંજીયા | ફલી | જાલ લંગડાના |
| મની | બી.વાડીયા | મોતી | વીરા કરંજીઆ |
| બદરુદ્દીન | બદર અત્તાર | ઝીનોબીયા | મની જહાંગીર |

ડો. રતન માર્શલ અને ધનસુખલાલ મહેતાએ લખેલ 'બિચ્ચારો બરજોર' નાટકમાં અભિનય કરનાર કલાકારોમાં યઝદી કરંજીઆ, શ્રીમતી વીરા કરંજીઆ, જાલ લંગડાના, મીસ ઇચ્છાપોર્યા, ગુલ કાટપીટીયા અને રોહીન કરંજીઆ, રુસી બેસાનીઆ અને ફીરોઝ ટંપાલ આદિ મુખ્ય હતા. આ નાટકમાં સુરતના રઝાક બેન્ડવાળા માસ્ટર ગનીએ સંગીત આપ્યું હતું. આ ઉપરાંત ફિરોઝ આંટીયાના એકાંકી પણ આ ગ્રુપ દ્વારા અવાર નવાર ભજવાતા રહયાં જેમાં 'હરિશ્ચંદ્ર બીજો' આ ગ્રૂપ દ્વારા ભજવાયું જેમાં યઝદીના અભિનય વિશે ગુજરાત સમાચારમાં નીચે પ્રમાણેની ઉકિતઓ લખાઇ છે. '' અમને સૌથી વધુ ગમ્યા ફિરોઝના પાત્રમાં શ્રી યઝદી કરંજીઆ. ભાઇ કરંજીઆ રંગભૂમિ ઉપર એટલા બધા કમ્ફર્ટેબલ અને હોમલી લાગતા હતા કે એક રીતે જોતાં તો આખાય પ્રયોગની સફળતા એમનેજ આભારી છે. યઝદી કરંજીઆ ગ્રુપના બીજ 'ધી કેશે ઇન્સ્ટીટયુટ ઓફ કોમર્સ' માં રોપાયા જે યઝદીના પિતા નૌશીરવાન કરંજીઆની પ્રિય સંસ્થા હતી. આ સંસ્થા દ્વારા યોજાતા મેળાવડાઓમાં મનોરંજન કાર્યક્રમ થતાં જેમાં ભજવાતા નાટકોમાં કરંજીઆ કુટુંબના સભ્યો અભિનય કરતાં હતાં. અભિનય કરવાનો અવકાશ આ સંસ્થાના ઉપક્રમે ભજવાતા નાટકો દ્વારા કરંજીઆ પરિવારના સભ્યોને મળી રહેતા ઉત્તરોત્તર તેમનો વિકાસ ક્રમ વધતો ગયો અને અંતે 'યઝદી કરંજીઆ ગ્રુપ ઓફ ડ્રામેટિક્સ'નું નિર્માણ થયું. આ નાટયસંસ્થાના કેન્દ્રમાં છે શ્રી યઝદી કરંજીઆ જેમણે પારસી રંગભૂમિના અભ્યાસી-કલાકાર ડો. રતન માર્શલ જેવા ગુરુ પાસે તાલીમ મેળવીછે. યઝદી કરંજીઆ એક સારા અભિનયકાર હોવાની સાથે દિગ્દર્શક પણ છે. ખાસ કરીને હાસ્ય ભૂમિકામાં તેઓ મેદાન મારી જાય છે. તેઓ નાટય નિર્માણની પ્રવૃત્તિમા પણ સક્રિય બની રહેલ છે. ડો. રતન માર્શલના સહયોગને કારણે યઝદીએ 'હનીમૂન હાઉસ'નામનું નાટક ડો. માર્શલ સાથે સંયુકત રીતે લખ્યું. આમ નાટય નિર્માણ ક્ષેત્રે પણ તેઓએ પ્રવેશ કરી પારસી સંસારી ગંભીર સમસ્યાઓને હળવી રીતે પ્રેક્ષકો સમક્ષ મૂકવાનો શુભ પ્રયત્નકરેલ છે.

આ નાટય સંસ્થા દોઢ દાયકો પૂર્ણ કરી અવિરામ ગતિએ પ્રગતિના પંથે આગળ વધી રહી છે. સૂરતના ટેક્ષટાઇલ માર્કેટના ઉદ્‌ઘાટનનું માન પણ આ સંસ્થા દ્વારા ભજવાયેલ સ્વ. ફિરોઝ આંટિયા રચીત બહેરામની સાસુને ફાળે જાય છે. આ ગ્રુપ દ્વારાજ સ્વ. ફિરોઝ આંટિયા રચિત 'બહેરામની સાસુ' નામના ત્રિઅંકી હાસ્ય નાટકની ગોલ્ડન નાઇટ સૂરતમાં ઉજવાઇ. આ નાઇટની ઉજવણીમાં નીચેના કલાકારોએ સહયોગ આપ્યો હતો. શ્રી યઝદી કરંજીઆએ દિગ્દર્શન સંભાળ્યું હતું જયારે ડો. રતન માર્શલે કોમેડીનું સંચાલન તેમના બુલંદ કર્ણપ્રિય અવાજથી કર્યું હતું. નાટકનું સંગીત સૂરતના વિખ્યાત રઝાક બેન્ડવાળા માસ્ટર ગનીએ તેમજ નરેન્દ્ર જોષીએ આપ્યું હતું. નાટકમાં પાત્ર ભજવનાર કલાકાર હતાં :

બહેરામ - યઝદી કરંજીઆ
મનીખાન - રુબી સુરતી
ટેકસી ડ્રાઇવર - મીનુ પરબીઆ
નૌશીર - રુસી બેસાનીઆ
મીની(સાસુ) - વીરા કરંજીઆ
કુમી - યાસ્મીન બેસાનીઆ
ડોકટર - જાલ લંગડાના
ડિટેકટીવ - બદર અત્તાર
મોતી - દિનાઝ જોગી
મહેરુ - પેરીન ભોપટી
કુલી - રોહીન કરંઝીયા

પ્રકાશ નિયોજન - મહેરનોશ કરંજીઆ
મેકઅપ - અરુણ જરદોષ
સેટીંગ્ઝ - અમરચંદ અરબસ્તાની

આ બધાને અંતે એટલું નોંધવું ઘટે કે શ્રી ધનસુખલાલ મહેતા, ડો.રતન માર્શલ, સ્વ.ફિરોઝ આંટિયાના નાટકોને સફળ રીતે ભજવી પારસી સંસારી નાટકો પરત્વેનું આકર્ષણ ટકાવી રાખવા બદલ યઝદી કરંઝીઆ તેમજ તેમના ડ્રામેટિક ગ્રુપનું પારસી નાટકો ભજવતી સંસ્થા તરીકે ઉલ્લેખનીય બની રહે છે.

## જહાંગીર એમ. રાણીના

પારસી નાટયસાહિત્યના એક વિશિષ્ઠ નાટયકાર નાનાભાઇ રુસ્તમજી રાણીનાના પુત્રે નાટય-ક્ષેત્રે ઝંપલાવ્યું ન હતું પણ તેમના એડવોકેટ પૌત્ર જહાંગીરજી રાણીનાએ કેટલીક નાટયઓ કરી જે રંગભૂમિ પર સફળ રજૂઆત પામી હતી. જહાંગીર રાણીનાની મહત્વની નાટયકૃતિઓ નિમ્નલિખિત ગણાવી શકાય :

(૧) ખોવાયેલો ખજાનો
(૨) સુડી વચ્ચે સોપારી
(3) પ્યારનો પકરદાવ
(૪) અંતરનો અવાજ
(૫) મોતીના આંસુ
(૬) કાચા કાનનો કેકો
(૭) પ્યાર કે પૈસા
(૮) કસુર કોણનો ?
(૯) ત્યારે અમારા પપ્પા કોણ ?

ઉપરોકત નાટયકૃતિઓમાં મૌલિકતાનું તત્ત્વ ખૂબજ ઓછું જોવા મળે છે. આ નાટકો બોધપ્રધાન હોવાની સાથે પારસી સંસારી સમસ્યાઓને ગંભીર રીતે નિરુપે છે. જૂની રંગભૂમિના પ્રશંસક શ્રી જહાંગીર રાણીનાએ રંગભૂમિ વિષે પોતાના વિચારો નીચે પ્રમાણે જણાવ્યા હતાં. '' જૂની રંગભૂમિના ગીતો હતાં અને તે પણ ઉત્તમ વિચારો દર્શાવતા ગીત હતા. જેમ કે ' આપત્તિ આવે લાખ પણ એ ધર્મ નહી તજનાર રે '. આવા ઉત્તમ ખ્યાલો, નીતિના સબકો

અને જીવનમા ઇનસાનની ફરજનું ભાન એ બધું જુના નાટકોમાં હતું. હાલના કહેવાતા મોડર્ન નાટકોમાં ગાયનોને તીલાંજલી આપવામાં આવી છે. આજના નાટકમાં માત્ર હસ્યા-બોલ્યા-નાચ્યા-કુદયાં ને છૂટા પડયાં, સ્ટોરીમાં ફીલ થતી નથી.' 10

ઉપરોકત વિચારો જોતાં જૂની રંગભૂમિ તેમજ નવી રંગભૂમિ વચ્ચે એક લાંબા સમયનો પટ પથરાઇ રહેલો જોવા મળે છે. સમાજ અને તેની સમસ્યાઓમાં પણ એક પરિવર્તન જોવા મળે છે. પરિણામે બદલાતી જતી સામાજિક તેમજ રંગભૂમિની પરિસ્થિતિને કારણે શ્રી જહાંગીર રાણીનાની અપેક્ષાનો ન સંતોષાય એ સ્વાભાવિક ગણી શકાય. પોતાના દાદાની કેડી પર ચાલી નાટય સર્જન કરી પારસી સંસારી સમસ્યાઓ રજૂ કરવા બદ્દલ શ્રી જહાંગીર રાણીના અંત્રે નોંધપાત્ર બની રહે છે.

## બરજોર પટેલ

ઈ.સ.૧૯૩૦ માં જન્મેલા બરજોર પટેલને આઇ.એન.ટી.ની પારસી વીંગના સફળ કલાકાર-દિગ્દર્શક અને સંચાલક ગણાવી શકાય. ભારતીય વિદ્યાભવનની ઇન્ટર કોલેજીએટ ડ્રમેટિક સ્પર્ધામા અદી મર્ઝબાનના'ભૂતખાનું' નામના નાટકમાં દિગ્દર્શક અને કલાકાર તરીકે ભાગ ભજવી કલાકાર તરીકે પ્રથમ ઇનામ પ્રાપ્તના અધિકારી બન્યા. પારસી રંગભૂમિના જાણીતા નાટયકાર શ્રી અદી મર્ઝબાન સાથે જોડાઇ 'શીરીનબાઇનું શાંતિનિકેતન'નામના નાટકથી નાટકીય કારકિર્દીની શરુઆત થઇ જે ઉત્તરોત્તર વિકાસ પામતી રહી. શ્રી અદી મર્ઝબાન સાથે'અક્કલમંદ બેવકુફ'મોટા દિલના મોટા બાવા', 'ઘસ્યો ફસ્યો ખસ્યો', 'હોરમસજીનું હનીમુન', 'મારી પછી કોણ ?', સત્યવાદી શ્યાંવક્ષા', 'ગુસ્તાદજી ઘોરે ચરીયા', 'તાજ વગરના તહેમુલજી', 'અરધી રાતે આફત!,'દીનશાહજીના ડબ્બા ગુલ','અરી બેઠેલા એરચશા' આદિ નાટકોમાં કાર્ય કર્યું. આ ઉપરાંત શ્રી હોમી તવડિયાના 'પેસ્તનજીના પરાક્રમ' 'બોલતી બંધ', 'કાવસજીની કુદાકૂદ', 'આય જોયું કે કાકાજી ?' આદિ નાટકોમાં પણ સફળતાપૂર્વક અભિનય આપી શ્રી બરજોર પટેલે પોતાને એક સફળ અભિનેતા તરીકે પુરવાર કરી આપ્યા. આ બધાને અંતે શ્રી બરજોર પટેલની વિવિધ શકિતઓનો પ્રધાનરુપે વિકાસ થયો હોય તો તે આઇ.એન.ટી.ની પારસી વીંગના ઉપક્રમે ભજવાયેલ નાટકોની ભજવણી થકી આ ગ્રૂપના ઉપક્રમે ભજવાયેલ બધાજ નાટકોમાં તેઓએ નિર્માતા તરીકેની સેવાઓ પ્રદાન કરી પ્રયોગ-શીલ નાટકો ભજવવાનો દૃષ્ટિકોણ અમલમાં મૂકયો. આ પ્રયોગશીલ દૃષ્ટિકોણને કારણે'૧૬મી જાન્યુઆરીની મધરાતે અને 'હલ્લો ઇન્સ્પેકટર' નાટકો સફળ રજુઆત પામ્યા.

ઇ.સ.૧૯૬૮માં આઇ.એન.ટી.માં જોડાયા બાદ તિરંગી તહેમૂલ, ઘેર ઘૂઘરો ને ગોટાળો, બાવાજીના બુચાઓ, કૂતરાની પૂંછડી વાંકી, ઉગી ડહાપણની દાઢ, ૧૬મી જાન્યુઆરીની મધરાતે, તારુ મારું બદલીયું, અને હલ્લો ઇન્સ્પેક્ટર આદિ નાટકોની પ્રધાન ભૂમિકાઓ નિભાવી પારસી રંગભૂમિના એક સફળ કલાકાર, દિગ્દર્શક અને નિર્માતા બની રહેલ છે, તેમ કહેવું અનુચિત નહી ગણાય. 'તારુ મારુ બદલીયું' નાટકનું સફળ દિગ્દર્શન તારક મહેતા સાથે નિભાવી દિગ્દર્શનના ક્ષેત્રમાં પણ પોતાની સેવાઓ પ્રદાન કરેલ છે. શ્રી બરજોર પટેલ માને છે કે એકની એક ટીમ – પછી તે ગમે તેવી શક્તિશાળી હોય પણ એકજ લેખકના નાટકો ભજવ્યે જાય કે એકજ દિગ્દર્શક દિગ્દર્શન કરેલા નાટકો કર્યે જાય તો એ Stale (વાસી) થઇ જવાની શકયતા રહે. આ ઉપરાંત તેમણે બીજી અગત્યની વાત કરી તે 'કરટેઇન કોલ' પ્રથાની શરુઆત કરવી જોઇએ ને કે જેથી પ્રેક્ષકો કલાકારોને ઓળખી કલા તેમજ કલાકારની કદર કરે.

ઉપર્યુક્ત દૃષ્ટિકોણને કેન્દ્રમાં રાખી વિવિધ નાટયકાર અને દિગ્દર્શક મેળવવા માટે સતત પ્રયત્નશીલ ભાઇશ્રી બરજોર પટેલ આજની પારસી રંગભૂમિના એક તેજસ્વી તારક તરીકે રંગભૂમિ પર ઝળહળી રહી તેને પ્રકાશિત કરી રહયા છે.

## રુબી પટેલ

પારસી રંગભૂમિના તેજસ્વી નિર્માતા–કલાકાર શ્રી બરજોર પટેલના પત્ની રુબી પટેલ પણ આજની પારસી રંગભૂમિના યશસ્વી કલાકાર છે. સોળ વર્ષની વયે પેરીન વઝીફદારના 'યાસ્મીન'નાટકથી પોતાની રંગભૂમિની કારકિર્દી શરુ કરી. ત્યારબાદ ભારતીય વિદ્યાભવનની શતાબ્દિ પ્રસંગેથી શ્રી અદી મર્ઝબાનનું 'લગ્નનો ગાંઠ' નામના નાટકમાં અગત્યની ભૂમિકા સફળતાપૂર્વક નિભાવી પાછળથી અદી મર્ઝબાનના આમંત્રણથી તેમની સાથે જોડાયા. અદી મર્ઝબાનના મોટા દિલના મોટા બાવા, પીરોજા ભવન, કાતરિયું ગેબ, છૂપો રુસ્તમ, ઘસ્યો ફસ્યો ખસ્યો, હોરમસજીનીહ હનીમુન, મારી પછી કોણ ? સત્યવાદી શ્યાવક્ષા, ગુસ્તાદજી ઘોરે ચરીયા, તાજ વગરના તહેમૂલજી, અરધી રાતે આફત, અરી બેઠેલા એરચશા, મંચેરજી કોણના? આદિ નાટકોમાં મહત્વની ભૂમિકાઓ સફળતાપૂર્વક ભજવી એક સફળ કલાકાર તરીકે પ્રતિભા ઉપસાવી. ત્યારબાદ ઇ.સ.૧૯૬૮માં આઇ.એન.ટી.નાં પારસી વીગમાં પોતાના પતિ શ્રી બરજોર પટેલ સાથે જોડાઇ તેના ઉપક્રમે ભજવાયેલ નાટકમાં પ્રધાન ભૂમિકાઓ સફળતાપૂર્વક

ભજવી રુબી પટેલે પોતાની પારસી રંગભૂમિની શ્રેષ્ઠ અભિનેત્રી સાબિતી આપી દિધી. આઇ. એન.ટી.ના પારસી વીંગના ઉપક્રમે ભજવાયેલ નાટકો તિરંગી તહેમૂલ, ઘેર ઘૂઘરો ને ગોટાળો, ઉગી ડહાપણની દાઢ, બાવાજીના બુધાઓ, કૂતરાની પૂંછડી વાંકી, ૧૬મી જાન્યુઆરીની મધરાતે, તારુ મારું બકલીયું અને હલ્લો ઇન્સ્પેકટરમાં વિવિધ ભૂમિકાઓ ખૂબજ સફળતાપૂર્વક ભજવી શ્રેષ્ઠ કલાકાર તરીકે અત્યંત કિર્તી પ્રાપ્ત કરી. આ બધાને અંતે એટલું તો અત્યંત સ્પષ્ટ છે કે વિવિધ ભૂમિકા ભજવતાં તેજસ્વી કલાકાર રુબી પટેલ ઉત્તરોત્તર નાટકીય કારકિર્દીના ઉચ્ચ શિખરો પ્રતિ આગળ વધી રહયાં છે જેમાં તેમના પતિ બરજોર પટેલનો ફાળો નાનો સૂનો નથી.

## દીનયાર રુસ્તમજી કોન્ટ્રાકટર

ઇ.સ. ૧૯૪૧માં જન્મેલા યુવાન અભિનેતા દીનયાર કોન્ટ્રાકટર મુંબઇ આઇ.એન.ટી. પારસી વીંગના સફળ હાસ્ય કલાકાર છે. તેમના કોલેજ જીવન દરમ્યાન સ્વ.ફિરોઝ આંટિયાના 'ચાલો નાટક રમીએ,' 'ભૂતમામા'આદિ નાટકોમાં લવજી કોન્ટ્રાકટરના દિગ્દર્શન હેઠળ નાટકોમાં ભૂમિકા ભજવવાની શરુ કરી હતી. છતાં 'શાંતી, માનસીક હોસ્પીટલ'માં મુખ્ય પાત્રની ભૂમિકા સફળતાપૂર્વક ભજવી તેઓ રંગભૂમિના એક સફળ કલાકાર તરીકે પોતાની પ્રતિભા ઉપસાવી શકયા. ત્યારબાદ 'માસીની મહેરા', 'મારું કોણ ?', 'હવે મને જોઇલો', આદિ નાટકોની ભજવણીએ હાસ્ય કલાકાર' તરીકેની તેમની કારકિર્દી વિકસિત કરી. આ બધાને અંતે ભાઇ દીનયાર કોન્ટ્રાકટરની શકિતઓ સંપૂર્ણ રુપે પ્રકટી હોય તો તે તેમના આઇ.એન.ટી.ના આગમન પછી ભારત ભરમાં ખ્યાતિ પામેલ નાટયસંસ્થા આઇ.એન.ટી.એ અભિનેતા-દિગ્દર્શક શ્રી બરજોર પટેલની સહાયથી પારસી વીંગ સ્થાપી ત્યારથી તેના ઉપક્રમે ભજવાતા નાટકોમાં મહત્વની ભૂમિકાઓ તેઓ સફળ રીતે ભજવી રહેલ છે. આઇ.એન.ટી.ના ઉપક્રમે ભજવાયેલ નાટકોને નીચે પ્રમાણે ગણાવી શકાય. ઉગી ડહાપણની દાઢ, તારું મારું બકલીયું, ૧૬મી જાન્યુઆરીની મધરાતે, હલ્લો ઇન્સ્પેકટર, ઉપર્યુકત નાટકોમાં તેઓએ અનુક્રમે પેશન્ટ, નડલી પતિ, સર જહાંગીર રુસ્તમ ફિરોઝ અને ઇરાની નોકર નામદારની ભૂમિકા ભજવી સફળ કલાકાર તરીકેની ખ્યાતિ મેળવી છે. આ ઉપરાંત બાવાજીના બુચાઓ, કૂતરાની પૂંછડી વાંકી, તિરંગી તહેમૂલ અને ઘેર ઘૂઘરો ને ગોટાળો'માં તેમણે સફળ અભિનય આપી હાસ્ય કલાકાર તરીકેની ખ્યાતિ મેળવી છે. આ બધાને અંતે એટલુંજ લખવાનું કે ભાઇશ્રી દિનયાર કોન્ટ્રાકટર આજની પારસી રંગભૂમિના હાસ્ય કલાકારોમાંના એક છે.

## આબાન પટેલ

આઇ.એન.ટી.પારસી વિગના આશાસ્પદ અભિનેત્રી આબાન પટેલ પારસી રંગભૂમિની ઉચ્ચકોટિની કલાકાર રુબી પટેલના નાની બેન થાય. શાળા જીવન દરમ્યાન નૃત્ય-નાટય અને સંગીતનો શોખ પાછળથી વિશાળ પટ પર વિસ્તરી ગયો. પદ્મશ્રી અદી મર્ઝબાનના દિગ્દર્શન હેઠળ શાપુરજીના તપેલા સાફ', 'તાજ વગરના તહેમૂલજી', પદ્મશ્રી પેસ્તનજી દીનશાજીના ડબ્બા ગુલ,' 'મુઆ લૂચ્ચાઓ', 'અદીની માસીનો માડો', 'ઘસાઇ ગઇ મારી ટાલડી' આદિ નાટકો દ્વારા પોતાની નાટકીય કારકિર્દીને વિસ્તૃત કરી. ઇ.સ.૧૯૬૮માં તેઓ આઇ.એન.ટી.ના પારસી ગ્રુપમાં જોડાયા.આઇ.એન.ટી.ના પારસી ગ્રુપના ઉપક્રમે તિરંગી તહેમૂલ, ઘેર ઘૂઘરો ને ગોટાળો, બાવાજીના બુચાઓ, કૂતરાની પૂંછડી વાંકી, ઉગી ડહાપણની દાઢ, ૧૬મી જાન્યુઆરીની મધરાતે, તારું મારું બદલીયું, અને હલ્લો ઇન્સ્પેકટર આદિ નાટકોમાં સફળ ભૂમિકા ભજવી બેન આબાન પટેલે વિવિધ નાટકોમાં નટખટ-જબરી-એરહોસ્ટેસ-કેબ્રે આર્ટીસ્ટ, વિધવા આદિ ભિન્ન ભિન્ન ભૂમિકાઓ યાદગાર રીતે ભજવી બતાવેલ છે. હાલમાં 'બેન્ક ઓફ અમેરીકા'માં સ્વાગતાધિકારી તરીકે સેવા આપતા આબાન પટેલમાં ઉચ્ચ કોટિના કલાકાર બની રહેવાની શકયતાઓ નિહિત રહેલ છે.

## નૌશીર રત્નાગર

આઇ.એન.ટી.ની પારસી વિગના અન્ય તેજસ્વી કલાકાર તે નૌશીર રત્નાગર. કોલેજ કાળ દરમ્યાન નાટયગ્રુપની સ્થાપના કરી 'ચેરીટી ડ્રામા' ભજવણીએ નાટક પરત્વે તેમને આકર્ષિત કર્યા. ઇ.સ.૧૯૫૪મા પેરીન વઝીફદારના 'ધખારો' નાટકથી રંગમંચીય કારકિર્દી શરુ કરી હતી. ઇ.સ.૧૯૫૬માં તેઓ આઇ.એન.ટી.સંસ્થામાં જોડાયા સ્વ. ફિરોઝ આંટિયાના બહેરામે શું કીધુ ? વાહરે બહેરામ, બહેરામની સાસુ, હવે મને જોઇલો, આદિ નાટકોમાં મહત્વની ભૂમિકાઓ ભજવી. ઇ.સ.૧૯૬૪માં તેઓ કલકત્તા ગયા જ્યાં 'ઝોરાસ્ટ્રીયન યુથ લીગ'નામની નાટયસંસ્થાના પ્રમુખ બન્યા. આ સંસ્થાના ઉપક્રમે એકાંકી, ત્રીઅંકી, તેમજ રીવ્યુઝની સફળ ભજવણી કરવામાં આવી. જેમાં તેઓ સફળ અભિનય આપી પોતાની નાટકીય પ્રવૃત્તિઓનો ઉત્તરોત્તર વિકાસ સાધ્યો. ઇ.સ.૧૯૭૧માં મુંબઇ પાછા ફરી આઇ.એન.ટી.ના ઉપક્રમે ઉગી ડહાપણની દાઢ, ૧૬મી જાન્યુઆરીની મધરાતે, તારુ મારુ બદલીયુ અને હલ્લો ઇન્સ્પેકટરમા મહત્વની ભૂમિકાઓ સફળતાપૂર્વક ભજવી હાલમાં ભાઇ નૌશીર રત્નાનગર આઇ.એન.ટી.ના આગામી નાટકનુ દિગ્દર્શન સંભાળી દિગ્દર્શક તરીકેની પોતાની

સેવાઓ પ્રદાન કરી પારસી રંગભૂમિ માટે પોતાનો યત્કિંચિત ફાળો આપી રહયા છે.

## દાદી સરકારી

આજની પારસી રંગભૂમિના કલાકાર દાદી સરકારીની રંગમંચીય કારકિર્દી અતિ દીર્ઘ અને યશસ્વી કહી શકાય. 'યુથ ઓન યુનીયન'નામની સંસ્થાના ઉપક્રમે ભજવાયેલ નાટકમાં 'ઇન્સ્પેકટર'નું પાત્ર ભજવતાં દાદી સરકારીને ફિરોઝ આંટિયા દ્વારા આમંત્રણ મળતાં 'માસીને દે ફાંસી' અને 'ચાલો ઝેર પાઇએ' આદિ નાટકોમાં સફળતાપૂર્વક નાટકોમાં ભાગ ભજવ્યો. શ્રી મીનુ નરીમાનના નાટકોમાં તેમણે પ્રધાન ભૂમિકાઓ ભજવી, વળી ડો.જહાંગીર વાડિયાના નાટકોમાં પણ ભૂમિકા ભજવી ઉત્તરોત્તર વિકાસ સાધ્યો. આ નાટકીય કારકિર્દી દરમ્યાન તેઓ 'પિરોજાભવન'થી શ્રી અદી મર્ઝબાન સાથે જોડાઇ તેમના નાટકો ભજવવા લાગ્યા. શ્રી અદી મર્ઝબાન સાથે દોઢ દાયકો ભાગ ભજવતાં ભજવતા શ્રી દાદી સરકારી વિવિધ ભૂમિકાઓ સફળતાપૂર્વક ભજવી આજે પણ શ્રી દાદી સરકારી નિખાલસતાપૂર્વક કહે છે કે 'મારી શકિતઓ અદી મર્ઝબાને વિકસાવી.' આઇ.એન.ટી.સાથે જોડાતાં તેના ઉપક્રમે તેમણે તિરંગી તહેમૂલ, ઘેર ઘૂઘરો ને ગોટાળો, ૧૬મી જાન્યુઆરીની મધરાતે, આદિ નાટકોમાં મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી પોતાની કારકિર્દી આગળ ધપાવી રહયા છે. આજની પારસી રંગભૂમિના પીઢ અભિનેતાઓમાં શ્રી દાદી સરકારીનું નામ પ્રથમ પંકિતમાં મૂકીએ તો અનુચિત નહી ગણાય.

## જીમી પોંચા

શ્રી અદી મર્ઝબાનની સાથે છેલ્લા ત્રણ દાયકાથી સતત કાર્ય કરનાર જમશેદજી અરદેશરજી પોંચા-જીમી પોંચા-પારસી રંગભૂમિ એક પીઢ કલાકાર છે. પોતાના નાટયક્ષેત્રના વિકાસમાં શ્રી ચંદ્રવદન મહેતા અને શ્રી અદી મર્ઝબાનના પ્રદાનનો ઉલ્લેખ તેઓ નિખાલસપૂર્વક કરે છે. અભિનય, ગીત, સંગીત, પ્રકાશ યોજના, મેક-અપ અને સ્ટેજ મેનેજર આદિ કાર્યમાં નિષ્ણાત શ્રી જીમી પહોંચા પ્રત્યેક રંગમંચીય તત્ત્વોના સારા અભ્યાસી છે. શ્રી અદી મર્ઝબાન સાથે 'બુધ્ધિ ધનશાક મંડળ'નામે રેડિયો પ્રોગ્રામ તેમજ તેમના લગભગ બધાજ નાટકમાં સફળતાપૂર્વક અભિનય આપ્યો. શ્રી અદી મર્ઝબાન સાથે એમણે ફસેલા ફિરોઝશા, શીરીનબાઈનું શાંતિનિકેતન, ધસ્યો ફસ્યો ને ખસ્યો, મારી પછી કોણ ?, પિરોજાભવન, મોટી દિલના મોટાબાવા, અક્કલમંદ બેવકુફ, હોરમસજીનું હનીમુન, હસતા ઘર વસતાં, નવરોઝ મુબારક-૧-૨, રંગમિલન, અઢી કલાકની હસાહસ, ગપસપ, હસો મારી સાથે, થોડીક રૈસી થોડીક તૈસી,

વાંકી પૂછડીના વિકાજી, ગુસ્તાદજી ઘોરે ચરીયા, મંચુ કાવારાણા યાને સત્યવાદી હરિશ્ચંદ્ર, આદિમાં અભિનય અને અન્ય સેવાઓ આપી. શ્રી અદી મર્ઝબાન ઉપરાંત ડો.જહાંગીર વાડીયાના હોરમસજી આટીસ્ટ, માટી કે મરઘો, દિવાનો આશક, બેવફા બૈરુ, હિરાજી હોપલસ આદિ નાટકોમાં દિગ્દર્શન અને અભિનયનું કાર્ય તેમણે નિભાવ્યું હતું. વળી સ્વ.ફિરોઝ આંટિયા, શ્રી હોમી તવડિયા, શ્રી મીનુ નરીમાન આદિના નાટકોમાં પણ અભિનય ભજવ્યો હતો. ઇ.સ. ૧૯૬૪ થી ભુલાભાઇ થિયેટરના મેનેજર તરીકે સેવાઓ આપતા ભાઇ જીમી પોહચા શ્રી અદી મર્ઝબાનના રીવ્યુમાં હજુ પણ ભાગ ભજવી રહયા છે. અદી મર્ઝબાન સાથે ટેલિવીઝનના પ્રોગ્રામ 'આવો મારી સાથ'માં પણ તેઓ જોડાયેલ છે. રંગભૂમિના આ પીઢ અને અભ્યાસી કલાકારની રંગભૂમિ પરની વિવિધ કાર્યક્ષમતાની શકિતઓ વિસ્તરી શકાય તેમ નથી.

## દીનશાહ દાજી

આજની પારસી રંગભૂમિના પીઢ કલાકારમા દીનશાહ દાજીને વિસ્મરી શકાય નહીં. શ્રી અદી મર્ઝબાનના નાટકોમાં મહત્વપૂર્ણ ભૂમિકાઓ નિભાવનાર શ્રી દીનશાહ દાજી આજની પારસી રંગભૂમિના એક સફળ કલાકાર છે. શ્રી અદી મર્ઝબાનના 'પિરોજા ભવન'માં 'ડાડાજી'ની ભૂમિકા તેમજ 'કાતરિયું ગેપ' અને 'છૂપો રુસ્તમ'માં આપેલ તેમની ભૂમિકાઓને આજે પણ પ્રેક્ષકો ખૂબજ હૃદયથી વખાણે છે. શ્રી અદી મર્ઝબાન સાથે જોડાઇ દીર્ઘકાળ સુધી તેમની સાથે રહી તેમના નાટકોમાં વિવિધ ભૂમિકાઓ સફળતાપૂર્વક ભજવનાર શ્રી દીનશાહ દાજી આજની પારસી રંગભૂમિના સફળ અભિનેતા ગણીશું તો તે અનુચિત નહીં ગણાય.

## પીલુ વાડિયા

'બોબી' સિનેમાંથી ખ્યાતનામ બનેલ કલાકાર પીલુ વાડિયા પારસી રંગભૂમિ પર દીર્ઘ કાળથી વિવિધ ભૂમિકાઓ ભજવી યશસ્વી, કારકિર્દી પ્રાપ્ત કરેલ છે. શ્રી અદી મર્ઝબાન, ડો.જહાંગીર વાડિયા, શ્રી હોમી તવડિયા આદિ નાટકકારોના નાટકોમાં ભાગ ભજવી એક સફળ અભિનેત્રી તરીકે રંગભૂમિ પર કાર્ય કરી રહયાં છે. શ્રી અદી મર્ઝબાનના 'છૈયા અમે જરથોસ્થી, શીરીનબાઇનું શાંતિનિકેતન, ફસેલા ફિરોઝશાહ, પીરોજાભવન, સત્યવાદી શ્યાવક્ષા, ઘસ્યો ફસ્યો ખસ્યો, શાપુરજીના તપેલા સાફ, અદીની માસીનો માકો, દીનશાજીના ડબ્બા ગુલ, આદિ નાટકોમાં મહત્વની ભૂમિકાઓ નિભાવી છે. સ્વ.ફિરોઝ આંટિયાના ચાલો ઝેર ખાઇએ,

હરિશ્ચંદ્ર બીજો, માસીને દે ફાંસી, સંજોગ, આદિ નાટકોમાં પણ વિવિધ ભૂમિકા ભજવી. આ ઉપરાંત અદી મર્ઝબાનના 'રીવ્યુઝ' અને હોમી તવડિયાના 'પારસી પંચાત', બોલતી બંધ, કાવસજીની કૂદા કૂદ, આદિ નાટકોમાં ભાગ ભજવી વિવિધ દિગ્દર્શકોની શકિતઓનો લાભ તેમણે મેળવ્યો. બેન પીલુ વાડિયા સારા અભિનેત્રી હોવાની સાથે દિગ્દર્શક તરીકે પણ કાર્ય કરતાં રહયાં. 'સોરી, રોંગ નંબર' નામના અંગ્રેજી એકાંકી નાટકનું દિગ્દર્શન તેમણે સંભાળ્યું હતું. જ્યારે 'ધી વીમેન'નામના નાટકમાં નિર્માતા-દિગ્દર્શક અને અભિનયની ત્રિવિધ કાર્યવાહી સંભાળી ઇ.સ.૧૯૬૨ થી ૧૯૭૨ સુધી કેટલાક કારણોસર તખ્તાથી દૂર ગયેલ. બેન પીલુ વાડી ૧૯૭૨ થી રંગભૂમિ અને સિનેમા ઉભયમાં આજે સક્રિય ભાગ ભજવી પોતાની યત્કિંચિત સેવાઓ પારસી રંગભૂમિને પ્રદાન કરી રહયા છે.

## દીનુ નિકલસન

આજની પારસી રંગભૂમિના એક વખતના કલાકાર દીનુ નિકલસન પણ એક સફળ અભિનેત્રી બની પારસી રંગભૂમિને ઉજાળતાં રહયાં. શાળા જીવનથી અંગ્રેજી નાટક અને ગીતનાટય ભજવતાં બેન દીનુ નિકલસનને પારસી-ગુજરાતી રંગભૂમિ પર લાવવાનો યશ સ્વ.ફિરોઝ આંટિયાના ફાળો જાય છે. રંગભૂમિ પરના આગમન બાદ તેમણે દુ:ખીયારી દીનુ, ચાલો ઝેર પાઇએ, શાંતિ માનસીક હોસ્પીટલ, ભૂતમામાની પધરામણી, હરિશ્ચંદ્ર બીજો અને રંગીલો રાજા આદિ નાટકોમાં અભિનય આપી પોતાની અભિનય સિધ્ધિથી સર્વને વાકેફ કર્યા. શ્રી અદી મર્ઝબાન સાથે ઘણાં બધા નાટકોમાં ભાગ ભજવ્યો જેમાં કાતરીયુ ગેપ, મોટા દિલના મોટા બાવા, છૂપો રુસ્તમ, પવિત્ર પરીન આદિ નાટકોમાં વિવિધ ભૂમિકાઓ તેમણે ભજવી. રંગભૂમિ પરની લાંબી કારકિર્દી ધરાવતાં બેન દીનુ નિકલસને ઇ.સ.૧૯૫૯માં પતિના મૃત્યુબાદ રંગભૂમિ છોડી ગયા. આજે પણ પ્રેક્ષકો તેમની કેટલીક મહત્વની ભૂમિકાઓને યાદ કરે છે એજ તેમની અભિનેત્રી તરીકેની સફળતા.

## બોમી એરચશા દોતીવાલા અને ડોલીદોતીવાલા

આજની પારસી રંગભૂમિના દંપતી કલાકારોમાં બોમી દોતીવાલા અને ડોલી દોતીવાલા આજે શ્રી અદી મર્ઝબાનના નાટકોની પ્રધાન ભૂમિકાઓ નિભાવી રહયાં છે. શ્રી હોમી તવડિયાના આઇઆઇનો ચમત્કાર, આય જોયું કે કાકાજી, ગુલાબ એક કાંટા પાંચ, મોહબ્બત કે મુસીબત, કુંવરજીબાઇનું કલ્ચરલ મશીન, નનામુ પોર્યુ, જરા મારું તો સમજો આદિ નાટકોમા આ દંપતિએ સફળતાપૂર્વક ભાગ ભજવ્યો.

શ્રી અદી મર્ઝબાન સાથે જોડાતા ઢોંગસોંગ, જૂના ઢોંગ નવાં સોંગ, થોડીક એસી-થોડીક તેસી, વાંકી પૂછડીના વિકાજી, મંચેરજી કોના ?, શાપુરજી તપેલા સાફ, અરધી રાતે આફત, મારો તેમૂલ આવુ કરેજ નહીં, હસો મારી સાથે, અદીની માસીનો માકો, પકડ મારું પૂછડું, ઘસાઇ ગઇ મારી ટાલડી, લકડેકા લાડુ, જે તારું તે મારું, આશા નિરાશા, મારું બધું બચુભાઇને, પાણીમા પડેલા પરવઝજી, તારી બૈરી અને આપ (બૈરી કે બલા), ઢોલ ત્રાસા, કાકા થયાં વાંકા, બંધ પડેલા બમનજી, આય કેલેન્ડર કોણનું? આદિ નાટકોમાં તેમણે મહત્વની ભૂમિકાઓ ભજવી. શ્રી અદી મર્ઝબાન રચિત 'સઘન કે વઘન' નામના નાટકની શતાબ્દી થઇ ગઇ જેમાં નાયક નાયિકાની ભૂમિકામાં શ્રી બોમી દોતીવાલા અને ડોલી દોતીવાલાએ અભિનય આપ્યો હતો. મુંબઇની આજની પારસી રંગભૂમિના આશાસ્પદ કલાકાર દંપતી તરીકે બોમી દોતીવાલા અને ડોલી દોતીવાલાનો ઉલ્લેખ પારસી રંગભૂમિની ઇતિહાસ નોંધ લેતા આ મહાનિબંધમાં અનિવાર્ય બની રહે છે.

## હોબ્બા નરીમાન

શ્રીમતી હોબ્બા નરીમાને ૧૯૪૭ થી રંગભૂમિમા પ્રવેશ કર્યો. 'પીરોજા ભવન', કાકાજી ઓ કાકાજી, 'શિરીનબાઇનુ શાંતિનિકેતન, 'ગુસ્તાદજી ઘોરે ચઢયા, 'હોરમસજીનું હનીમુન, મોટા દિલના મોટા બાવા, મારી પછી કોણ ?, મહોબત કે મુશિબત, ડુંવરબાઇનું કલ્ચરલ, ગુલાબ એક કાંટા પાંચ, સગન કે વઘન, બૈરી કે બલા, અરધી રાતની આફત વગેરેમાં હોબ્બાબાઇએ ઉત્તર અભિનય આપ્યો છે.

## આજની પારસી - રંગભૂમિનું પ્રદાન

શ્રી અદી મર્ઝબાનથી શરુ થતી આજની પારસી રંગભૂમિનું પ્રદાન નીચે પ્રમાણે ગણાવી શકાય.

૧) શ્રી અદી મર્ઝબાનથી શરુ થતી આજની પારસી રંગભૂમિએ નાટય સર્જનથી માંડી નાટકના પ્રસ્તુતીકરણ સુધીની અનેક શકયતાઓ તાગી બતાવી.

૨) જુની પારસી રંગભૂમિની ચીલાચાલુ પ્રણાલિકાને એકી સાથે તોડી નાંખી પાંચ-છ કલાકના નાટકને બદલે અઢી-ત્રણ કલાકના નાટયપ્રયોગોની સફળ ભજવણી કરી બતાવી.

૩) ગીત વિના નાટકની કલ્પના કે સફળતા જયાં વિચારી નહોતી શકાતી ત્યારે ગીત વગરના નાટકો લખી તેને સફળતાપૂર્વક શ્રી અદી મર્ઝબાન તેમજ અન્ય નાટયકારોએ ભજવી બતાવ્યાં.

૪) અનેક દૃશ્યમાં વિભાજિત થયેલ નાટકોની ભજવણીના સ્થાને એકજ સેટ પર નાટકની ભજવણીનો આગ્રહ દૃઢીભૂત કર્યો.

૫) અર્વાચીનતમ પાશ્ચાત્ય નાટકકારોના નાટકો આ કલાકારોએ અંગ્રેજી તથા તેના રુપાંતર કરી રંગભૂમિ પર ભજવી પાશ્ચાત્ય નાટયસૃષ્ટિ આપણી રંગભૂમિ પર સજીવ કરી.

૬) કૃત્રિમ સંવાદો, ગીત, દૃશ્ય-સજાવટ, મેઇક-અપ, ડ્રેસીસ આદિ તત્વોમાં સુધારો કરી તેને વાસ્તવિક અને સાદગીપૂર્ણ સ્વરુપ આપ્યું. રીયલ એન્ડ સીમ્પલ ભૂમકાના આધારે મંચસજ્જા, વેશસજ્જા, મેઇક-અપ આદિને સફળ રીતે રંગભૂમિ પર રજૂ કર્યા.

૭) નાટકમાંથી ગીતો કાઢી નાંખ્યા બાદ પણ આ કલાકારોએ રંગભૂમિના ગીત રસિકો માટે 'ઓપ્રેટા'ની રચના કરી તે રજૂ કરી.

૮) 'કર્ટન રેઇઝર' અથવા 'ફ્રન્ટ કર્ટન ઇન્ટરલ્યૂડ' કહી શકાય તેવી અનેક નાની નાટિકાઓ અથવા સ્કેચીઝની રચના કરી સફળતાપૂર્વક ભજવી બતાવી. તેમણે એક પરંપરાની સ્થાપના કરી જેના પરિણામે સ્વ. ફિરોઝ આંટિયા, હોમી તવડિયા, પ્રબોધ જોષી, જયન્તિ પટેલ આદિ નાટયકારો આજે પણ એ પ્રયોગ સફળતાપૂવક ભજવી રહયા છે. નવા, પારસી કલાકારોની ગુજરાતી રંગભૂમિની ભાવનાઓમાં વ્યાપક અસર પડી છે.

૯) ભીંતોમાં વપરાતા ફલેટ્સને બદલે ફોલ્ડ થઇ જાય તેવી સ્કીનનો અને સાદગી તેમજ વાસ્તવિકતા બતાવી શકાય તેવી પ્રકાશ યોજના અપનાવી પાશ્ચાત્ય નાટયકારોએ ખાસ કરીને યુરોપ અને અમેરીકામા જેનો વિશેષ પ્રમાણમાં સ્વીકાર થયો તે પ્લેસ્ટિક સ્ટેજ ભારતમાં શરુ કરવાનું માન પણ આજના મહત્વપૂર્ણ નાટયકાર શ્રી અદી મર્ઝબાનને ફાળે જાય છે.

૧૦) અર્વતનિક રંગભૂમિ પર તેમણે અનેક નાટય-પ્રયોગો કરી સેટિંગ્ઝ, પ્રકાશ-યોજના, કોમ્પોઝિશન, અભિનય આદિમાં ખૂબજ ફેરફાર કરી મૌલિક, અનુવાદિત, રુપાંતરિત, એવા અનેક પારસી-ગુજરાતી તેમજ અંગ્રેજી નાટકોની સફળ રજૂઆત કરી.

૧૧) આ નાટયકારો આજના-સમકાલીન-સામાજિક પ્રશ્નોને નાટકમાં ગૂંથી લઇ તે રંગભૂમિ પર ભજવી બદલાતી જતી સમાજની છબી યથાતથ સમાજ સમક્ષ રજૂ કરી.

આ બધાને અંતે આપણે એમ કહી શકીએ કે આજની પારસી રંગભૂમિના કલાકારો-નાટયકારો-નિર્માતા અને દિગ્દર્શકોએ કરેલ અનેક પ્રયોગોએ રંગભૂમિના ઉત્થાનમાં મહત્વનું કાર્ય કર્યુ છે. આજે પણ આ કલાકારો નૂતન પ્રયોગો કરી રંગભૂમિને અદ્યતન રુપ આપવા સક્રિય કાર્ય કરી રહયા અને તેમાં તેઓ નૂતન-ઉન્નત શિખરો સર કરશે તેવી અપેક્ષા રાખીએ તે અસ્થાને નહીં ગણાય.

- - - - -

## પ્રકરણ – ૯

## સંદર્ભ ગ્રંથ – સૂચિ


| | | | |
|---|---|---|---|
| ૧. | જ્ઞાન ગંગોત્રી ગ્રંથ શ્રેણી–૧૦ 'એકાંકી' | શ્રી જશવંત શેખડીવાળા | પૃ.૧૨૦ |
| ૨. | ગ્રંથ માસિક સપ્ટે. ૧૯૭૪ 'મુંબઈનો સાહિત્ય ગ્રંથ' – | લેખક ચંદ્રવદન મહેતા | પૃ. ૩૬ |
| ૩. | જ્ઞાન ગંગોત્રી ગ્રંથ શ્રેણી–૧૦ 'એકાંકી' | શ્રી જશવંત શેખડીવાળા | પૃ.૧૨૦ |
| ૪. | શ્રી અદી મર્ઝબાનનો પત્ર | | |
| ૫. | છ નાટકો | ફિરોઝ આંટિયા | પૃ.૨ |
| ૬. | શ્રી મીનુ નરીમાન ડ્રામેટીક સર્કલનો અહેવાલ | | |
| ૭. | શ્રી હોમી તવડિયાનો પત્ર | | |
| ૮. | 'બહેરામની સાસુ' સુવર્ણ જયંતિ પ્રતિકા | | |
| ૯. | ગુજરાત સમાચાર દૈનિક | | |
| ૧૦. | જહાંગીર રાણીનાનો પત્ર | | |


/00/0/0/0/00/
00/0/0/00
00/0/00
00/00
00